PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

વિકલાંગોના પુન:સ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ ઑગસ્ટ - ૨૦૧૮, અંક નં. ૬૮



શ્રી શશીભાઈ આર. વાઘરને રાજભવન ખાતે રાજ્યપાલના હસ્તે, 'સ્વ. ભીખાભાઈ ચુનીલાલ શાહ એવોર્ડ ૨૦૧૮' એનાયત



દાતાશ્રીના હસ્તે કેમ્પમાં લાભાર્થીને સંસ્થામાં બનાવેલ કૃત્રિમ હાથની સહાય... જેનાથી તે મોટર સાયકલ પણ ચલાવી શકે છે



ફૂલછાબના શ્રી બકુલભાઈ ચાતુર્વેદી સાથે શ્રી સુહાનીબેનની પી.એન.આર. સોસાયટીની મુલાકાત

હવે આપ વેબસાઈટ www.klinstitutedeaf.org અને pnrsociety.org ઉપર પણ 'કોશિશ થી કામયાબી' જોઈ શકો છો

Koshish Thi Kamyabi ♦ RNI No. GUJGUJ/2013/48176 ♦ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ♦ Monthly

Date of Publication : 15 August - 2018 ♦ Posted at 20th of every month at BHAV.RMS ♦ Subscription Rs. 150 per year (12 Issue) ♦ Total Page : 24

# શ્રી અશ્વિનભાઈ પંડ્યાના યુરોપના પ્રવાસની કેટલીક લાક્ષણિક તસ્વીરો


ટાવર ઓફ લંડન


મેડમ તુસાદ મ્યુઝિયમ


બર્કિંગહામ પેલેસ

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- CONTENTS AT A GLANCE . ૦૪
- પ્રમુખ શ્રી શશીભાઈ વાઘરને 'સ્વ. ભીખાભાઈ ચુનીલાલ શાહ એવોર્ડ-૨૦૧૮' . . . . . . . . . . ૦૫
- ફિલ્મસ્ટાર શ્રી રણબીર કપૂરની ઉદાર સખાવત . . . . . . . ૦૫
- માનદ્ મંત્રીશ્રીનો યુરોપ પ્રવાસ . . . ૦૬
- શાળા મારી મા . . . . . . . . . . . ૦૭
- પુસ્તક ડિસ્પ્લે - ભેટ . . . . . . . . ૦૭
- ચિલ્ડ્રન હોમ ફોર બોયૂઝ-લોકાર્પણ . ૦૮
- હેપી બર્થ ડે ટુ શ્રી મફતભાઈ . . . . ૦૮
- શાળા પ્રવેશોત્સવ - માધ્યમિક . . . ૦૯
- શાળા પ્રવેશોત્સવ - પ્રાયમરી . . . . ૦૯
- સ્ટાફ વેલ્ફેર ફંડ માટે દાન . . . . . ૧૦
- મધર્સ ટ્રેનિંગ કોર્સનું ઉદ્ઘાટન . . . ૧૦
- સંક્ષિપ્ત સમાચાર-હાઈટેક શાળા . . ૧૧
- સંક્ષિપ્ત સમાચાર-VCL હોસ્પિટલ . ૧૧
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-પ્રિવેન્શન . . . . ૧૨
- સંક્ષિપ્ત સમાચાર-સી.પી. શાળા . . ૧૩
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ . ૧૫
- સંક્ષિપ્ત સમાચાર-A.T.&T.ટેક.પાર્ક ૧૬
- સંક્ષિપ્ત સમાચાર-શ્રીમતી જ્યોતિબેન દલાલ મહિલા સશક્તિકરણ . . . . ૧૬
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાંમૂંગા શાળા ૧૭
- સંક્ષિપ્ત સમાચાર-KLID છાત્રાલય . ૧૮
- સંક્ષિપ્ત સમાચાર-KLID-TTC . . . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-PRV . . . . . . ૨૦
- શ્રદ્ધાંજલિ . . . . . . . . . . . . ૨૧
- અમો ઋણી છીએ દાતાઓના . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## આકર્ષણના નિયમ

આજે આપણે સેન્ડા બિર્નના **"સિક્રેટ-ડેઈલી ટીચિંગ્ઝ"** નામના પુસ્તકની વાત કરીશું. જેમાં વર્ષના દરેક દિવસ માટે એક વિચાર રજૂ કરાયો છે. **આકર્ષણના નિયમ** વિષે વ્યકત થયેલાં તેમના વિચારોને કેવી રીતે અપનાવવા તે વિષે જોઈએ.

'અન્ય લોકોનો સ્વભાવ સહેલાઈથી બદલાતો નથી, માટે એની કોશિશ વ્યર્થ છે. આપણે પોતે સ્થિતિઓને અનુરૂપ બદલાવું પડે છે. વળતરની આશા વિના કોઈને મદદ કરશો તો અણધારી દિશામાંથી તમને સહકાર મળી રહેશે. ફરિયાદો કરતાં હોવાથી, તમે ફરિયાદોને આકર્ષો છો તેથી જે જોઈએ છે તે નથી મળતું. તમે જેવું આપો છો તેવું મળતું હોય છે, આ આકર્ષણનો નિયમ છે. સમસ્યા વિષે વિચારતા રહેવા કરતાં એના ઉકેલ પર ધ્યાન આપો. પોતાના વિષે પણ સારું વિચારશો તો, સારી ઘટનાઓને આકર્ષી શકશો. જીવનમાં આવતાં બદલાવનો વિરોધ કરવા કરતાં એનો સ્વિકાર કરો, કારણ કે બદલાવ પ્રકૃતિનો નિયમ છે. આકર્ષણના નિયમમાં, સ્વપ્ન અને હકકીતનો ફરક નથી હોતો, માટે પોતાના સ્વપ્ન પ્રમાણે વર્તન કરવાથી, એ એક દિવસ સાકાર થઈ શકે છે. બહારની કોઈ પણ શકિત કરતાં, આપણી પોતાની આંતરિક શકિત વધારે છે.'

**કિરીટ રાઠોડ**

In the midst of these hard times it is our good health and good sleep that are enjoyable.


**- Knute Neljon**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2016-18, Monthly
- **અંક નં. : ૬૮**
  ૧૫ ઑગસ્ટ - ૨૦૧૮
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail** : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us** : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **લીલા ચૌહાણ**
  **વૈશાલી યોગી**
  **નેહલ ત્રિવેદી**
  **પરિક્ષિત ભટ્ટ**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE



✍ K. D. PADIA

### ◈ Children Home For Boys Dedicated

The 26th June 2018 witnessed dedication of a new building costing Rs.4.35 crore of Children Home for Boys run by Social Defense Department, Bhavnagar of Ministry of Social Justice & Empowerment of Government of Gujarat at the hands of the Minister Hon. Shri Iswarbhai Parmar in the presence of the Minister of state Hon. Smt. Vibhavariben Dave, Member of the Parliament Smt. Bharatiben Shiyal, the BJP Gujarat President and M.L.A. Bhavnagar Shri Jitubhai Vaghani and eminent leaders of Bhavnagar. The students of local K. L. Institute for the Deaf (KLID) presented befitting cultural items as a mark of welcome to the government's gesture.

### ◈ KLID Roundup

Inauguration of Mother Training Programme, Praveshotsava of Primary and Secondary Schools, Celebration of World Yoga Day, Tree Plantation have been the highlights of the KLID's activities. It is gratifying to acknowledge the generous donation of Rs. 21 lakhs to the Staff-Welfare Corpus Fund of the KLID from Shri Kamalbhai Ramanbhai Sanghavi in the memory his parents. The Staff Training college (STC) of KLID organised internship and CRE. RCI extended its approval for 5 more years of STC after inspection.

### ◈ PRV Workshop Shines

For total number of 21 knee - brace camps organised by the PNR Society the PRV workshop supplied 840 knee-brace kits. In a local camp for artificial limbs 465 handicapped were examined and 375 of them were supplied with required assistive devices and limbs. In Dhrangadhra camp 43 assistive devices were supplied. A total number of 125 artificial limbs were supplied in Nanivahiyal village of Dharampur taluka of Valsad district. The Orthotist of PRV regularly visits Surat for rendering services to needy handicapped.

### ◈ Other Activities

The C.P. School organised Praveshotsava, C.P. Assessment Camps, Diagnostic Camp, Autism Assessment Camp and tour of the C.P. and autistic children, and Day Care inmates. Smt. Jyotiben Dalal Disable Women Empowerment in collaboration with ' Gujarat Matikam and Rural Technology Center organised training programme for a month in which 32 handicapped women took the training. The PNR Society Hospital examined teeth of 120 children of C. P. School besides its regular services. Shri V.C. Lodhawala Hospital continued its medical and surgical services at charitable rates. The Hi-Tech Primary School undertook survey of children in different areas of Bhavnagar who are deprived of education. The Pravinchandra Dalal DisabilityPrevention Center vigorously pursued their different programmes including CBR. inspiring success stories are also included in this issue.

## SPOTLIGHT

### ◈ Generous Donation from Shri Ranbir Kapoor



The leading movie star Shri Ranbir Kapoor has donated Rs. One Lakh to the PNR Society working for the noble cause of empowering unfortunate class of disabled. His own roles as disabled in movies have been appreciated by all walks of life and therefore his gesture of extending active support, it is hoped, will inspire others in Bollywood.

### શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના પ્રમુખ

# શ્રી શશીભાઈ આર. વાઘરને રાજભવન ખાતે રાજયપાલના હસ્તે 'સ્વ. ભીખાભાઈ ચુનીલાલ શાહ એવોર્ડ - ૨૦૧૮' એનાયત



તા. ૫ મી ઓગસ્ટ-૧૮ ના રોજ રાજભવન-ગાંધીનગર ખાતે, અંધજન મંડળ, રાજય શાખા, અમદાવાદ દ્વારા મહામહિમ રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલીની અધ્યક્ષતામાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા અને રાષ્ટ્રીય અંધજન મંડળ, ભાવનગર જિલ્લા શાખા તથા પી.એન. આર. સોસાયટી, ભાવનગરના પ્રમુખ શ્રી શશીભાઈ આર. વાઘરને, પ્રજ્ઞાચક્ષુ વ્યકિતઓના પુનઃસ્થાપન માટે સર્વોચ્ચ સેવા આપવા બદલ રાજયનો શ્રેષ્ઠ એવો, **'સ્વ. ભીખાભાઈ ચુનીલાલ શાહ એવોર્ડ - ૨૦૧૮'** રાજયપાલના હસ્તે કરતાં, તેઓએ વર્ષ ૨૦૧૪ની સંસ્થા મુલાકાત સમયે નિહાળેલી પ્રવૃત્તિને ટાંકી, સમાજ સેવાના 'તેજસ્વી તારલા' કહી શ્રી શશીભાઈને બીરદાવ્યાં હતાં. જે બદલ સંસ્થા પરિવારે ગૌરવની લાગણી વ્યકત કરતાં અભિનંદન પાઠવ્યાં હતાં.

પ્રજ્ઞાચક્ષુ વ્યકિતઓના સર્વાંગી વિકાસક્ષેત્રે શ્રેષ્ઠ કાર્ય કરનાર વ્યકિતઓને પ્રતિવર્ષ આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી શશીભાઈ વર્ષ ૧૯૮૪થી પ્રજ્ઞાચક્ષુઓના સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે, તેઓ ઘણાં સમયથી વિકલાંગોની સંસ્થાઓ સાથે જોડાયેલ છે અને હાલ બંને સંસ્થાઓના પ્રમુખ તરીકે સેવા આપી રહ્યાં છે. શ્રી શશીભાઈનો સમાવેશ દેશના શ્રેષ્ઠ ઉદ્યોગપતિમાં થાય છે. તેમ છતાં તેઓ વિકલાંગોના સર્વાંગી વિકાસના કાર્ય માટે હંમેશા અગ્રેસર રહ્યાં છે. તેઓએ વિકલાંગોને ન્યાય મળે તે માટે થયેલાં આંદોલનોમાં પણ ભાગ લીધો છે. પ્રજ્ઞાચક્ષુઓના વિકાસ માટે ફંડ એકત્રીકરણ કરવા, તેઓને માળખાકીય સુવિધા પ્રાપ્ત થાય તે માટે બિલ્ડીંગના નિર્માણ માટે હંમેશા સક્રિય રહ્યાં છે. તેઓના માર્ગદર્શન હેઠળ શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાએ રાજયની ૧૧ હજાર માધ્યમિક શાળાઓમાંથી રાજયની શ્રેષ્ઠ શાળાનું સન્માન પણ હાંસલ થયેલ છે. આમ, શશીભાઈને રાજયનો શ્રેષ્ઠ એવોર્ડ પ્રાપ્ત થયો છે, તે ભાવનગર માટે પણ ખૂબ જ ગૌરવની બાબત છે.

ઉદાર સખાવત

# ફિલ્મસ્ટાર શ્રી રણબીર કપૂરની ઉદાર સખાવત




ફિલ્મ અભિનેતા રણબીર કપૂરે, બહેરી-મૂંગી વ્યકિત તરીકે, 'બર્ફી' ફિલ્મની મંદબુધ્ધિ બાલિકા, જીલમિલ ચેટર્જીની દોસ્તી, સમર્પણની દાસ્તાન, જીવંત અભિનય દ્વારા રજૂ કરી, દિવ્યાંગોના અંતરભાવની સૂક્ષ્મતાને બખૂબીથી, મનોરંજક રીતે ફિલ્મમાં ઉતારી, પ્રક્ષેકોને હસાવ્યાં-રડાવ્યાં છે. દિવ્યાંગની ભીતરની દુનિયામાં જે ખોજી શકે છે એના માટે સમાનુભૂતિ છે અને એ નાતે રણબીર કપૂરે અગાઉ પણ મોટી રકમનું અનુદાન આપણી પી.એન.આર. સોસાયટીને અર્પણ કરેલ. ફરી તા. ૫ જૂલાઈ -'૧૮ ના રોજ રૂા. ૧,૦૦,૦૦૦/- નો ચેક, આત્માના અવાજને અનુસરીને મોકલ્યો છે, જે દિવ્યાંગોની સ્ટોરી રજૂ કરતાં અનેક ફિલ્મ કલાકારો, દાતાઓ, શુભેચ્છકોને; પોતપોતાની રીતે સહાય કરવા પ્રેરિત કરે છે. આ સંસ્થા અતિ સંવેદનશીલ ફિલ્મ લાઈનની, આ ઉમદા ચેષ્ટા માટે હંમેશા ઋણી રહેશે.

### શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળાના માનદ્ મંત્રીશ્રીનો

# યુરોપનો પ્રવાસ

✍ અશ્વિન પંડયા



ગત મે માસમાં હું સપત્નિક યુરોપના નવ દેશોના પ્રવાસે જઈ આવ્યો. મુ. શ્રી નટવરભાઈ દેસાઈએ તા. ૧૩-૭-`૧૮ના પત્રથી મને પ્રવાસ વિશે લખવા જણાવ્યું. લેખનમાં હું કાચો છું. તેમ છતાં શ્રી નટવરભાઈ દેસાઈના આગ્રહને માન આપી પ્રયાસ કરું છું.

આપણે સૌ જાણીએ છીએ કે યુરોપના દેશો માત્ર પૈસે ટકે જ નહીં પણ સંસ્કાર-સંસ્કૃતિથી પણ ખૂબજ વિકાસશીલ છે. મેં માત્ર જોવાલાયક સ્થળો જ નથી માણ્યાં, પરંતુ તેઓની રીત-ભાત, સંસ્કાર, સંસ્કૃતિ વિ. માં ઉંડા ઉતરવા પ્રયાસ કર્યો છે. અમદાવાદથી વાયા અબુધાબી, ઈતિહાદ એરવેઝમાં લંડન પહોચ્યો. સૌ પ્રથમ મારી ઈચ્છા બર્કિંગહામ પેલેસ જોવાની હતી અને ત્યાંજ ગયો. જયારે કોઈ કોમ્યુનિકેશન કે ઝડપી વાહન વ્યવહારની સગવડતા ન હોતી ત્યારે એક નાનકડા દેશના આ પેલેસમાંથી અરધી દુનિયા ઉપર કેવી રીતે રાજ કર્યું હશે તે આશ્ચર્યજનક છે.



પ્રવાસીઓ છેક દરવાજા સુધી જઈ શકે - ફોટોગ્રાફી કરી શકે. આપણે ત્યાં રાષ્ટ્રપતિ ભવન કે ભૂતપૂર્વ મહારાજાઓના મહેલોમાં આટલા સરળતાથી નજીક જવું આજેય શકય નથી.



લંડનમાં હાઈડ પાર્ક, બીગબેન, વેસ્ટ મિનીસ્ટર એબો, હાઉસ ઓફ પાર્લામેન્ટ, સ્ફલગર સ્કવેર, ટાવર બ્રીજ, રિવર થેમ્સ, ટાવર ઓફ લંડન, લંડય આય, મેડમ તુષાદ મ્યુઝિયમ જેવા અનેક સ્થળો જોયાં. દરેક સ્થળો પોતાની રીતે આગવી સંસ્કૃતિ અને ઈતિહાસ ધરાવે છે. જેમાં સ્ફલગર સ્કવેરમાં ગાંધીજીનું સ્ટેચ્યુ અને ટાવર ઓફ લંડનમાં પ્રસિધ્ધ કોહીનુર હીરો જોયો. યુરોપમાં સૌથી વધુ મોન્યુમેન્ટસ - આબેહુબ પ્રતિકૃતિ અને કોઈને કોઈ સંદેશ આપતાં હોય છે. શહેરીજનોની શિસ્ત - વિવેક - જીવવાની પધ્ધતિ - બીજાને મદદરૂપ થવાની ભાવના અને સૌથી વધુ ધીરજ (પેશન) જોવા મળી. કદાચ આ બધાં ગુણોથી જ અંગ્રેજો આગળ વધ્યા હશે. બજારમાં એક જ સરખા મકાન, ઓફિસ, દુકાન, કે મોલના નામના કોઈ પાટિયા જોવા મળે નહીં. રસ્તામાં જાહેરાતના કોઈ બોર્ડ પણ નહીં. ગામડાઓ - કન્ટ્રીમાં પણ એક સરખા મકાનો, સ્વચ્છતા તો જાણે જીવનનો એક ભાગ ઉતાવળ - ભાગદોડ કયાંય નહીં. એક જ રસ્તા પર વાહન અને ટ્રામ ચાલે પણ કયારેય કયાંય ભટકાવાનો દાખલો નહીં.

સેંકડો વર્ષો સુધી બ્રિટનના રાજાઓએ દુનિયાના અનેક દેશો ઉપર રાજ કરી, વ્યાપાર સમૃધ્ધિ મેળવી જે આજેય ભોગવી રહ્યા છે તે આ રાજાઓને આભારી છે તેમ તેઓ માને છે અને તેથી જ આજે પણ સંપૂર્ણ લોકશાહી હોવા છતાંય એ રાજાઓના વંશજોને એટલું જ માન-પાન મળે છે. આ છે ત્યાંના લોકોની દિર્ઘદ્રષ્ટિ અને દિલેરી. આપણે ત્યાં તો આવું વિચારી પણ ન શકાય.

મેડમ તુષાદ મ્યુઝિયમમાં દુનિયાભરના મહાન પુરુષો - સ્ત્રીઓના મીણના બનાવેલાં મોન્યુમેન્ટ છે. મીણના હોવા છતાં આબેહૂબ લાગે. પર્યાવરણ વિશે પ્રજા એટલી જાગૃત કે મોટાભાગના લોક પબ્લીક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરે અથવા સાયકલનો ઉપયોગ કરે. મોટર સાયકલ - સ્કૂટર તો જોવા જ ન મળે. લારી-ગલ્લાં ઝૂંપડા કે ગરીબી કયાંય દેખાય જ નહીં. આશા રાખીએ કે આપણે ત્યાં આજે નહીં તો કાલે, આવી શિસ્ત-આપણી મૂળ સંસ્કૃતિ - ધીરજ - સ્વચ્છતા આવે.

સાફલ્ય ગાથા

# "શાળા મારી મા"



સંકલન : વૈશાલી યોગી

**શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી કૌશલના શાળા પ્રત્યેના પ્રેમ અને ઋણની અનુભૂતિની ગાથા વર્ણવતો લેખ...**

'મારો જન્મ ૫ નવેમ્બર ૧૯૭૪માં થયો. જન્મ પછી બે-ત્રણ દિવસે મને કમળો થયો, તે વખતની ડૉક્ટરની સારવારમાં મને શ્રવણમંદતા આવી. લગભગ અઢી-ત્રણ વર્ષની ઉંમરે મને ભાવનગરની શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળામાં મૂકાયો. નાનપણથી જ હું ખૂબ જ તોફાની, ચંચળ અને ગુસ્સાવાળો, છતાં પણ શાળાના આચાર્યશ્રી કુસુમબેન મહેતા, શિક્ષક શ્રી જયશ્રીબેન, શ્રી પ્રજ્ઞાબેન ત્રિવેદી તથા ગૃહમાતાશ્રી બિન્દીબેનનો હું ખૂબ વહાલો, કારણ કે હું ભણવામાં પણ એટલો જ હોંશિયાર હતો.

કાનુડા જેવો મારો શ્યામ રંગ, વાંકડીયા વાળ અને તેના જેવા જ મારા તોફાન. તેમ છતાં શ્રીકૃષ્ણને બધાંજ ચાહે તેમ, આ શાળાએ પણ મને સ્વિકાર્યો, ખૂબ પ્રેમ આપ્યો. સમય જતાં મારા પિતાની નોકરીમાં બદલી અન્ય સ્થળે થતાં, મને શાળાના છાત્રાલયમાં મૂકયો. એક વખત શાળાના જી.એસ. માટેની ચૂંટણી થઈ. જેમાં હું પણ ઉભો રહયો હતો, પરંતુ તેમાં હું હારી ગયો, આ આઘાત મારાથી જીરવાયો નહીં, જેનો મને ખૂબજ ગુસ્સો આવ્યો અને ક્રોધમાં મેં મારા વર્ગનું બોર્ડ ફોડી નાંખ્યું. આચાર્યએ મારા વાલીને પત્ર લખ્યો અને મારા પિતાને શાળાના નુકસાનના રૂા. ૬૫૦/- ભરપાઈ કરવાની સૂચના અપાઈ.




આ વાત મેં જાણી, ત્યારે મને ખૂબ દુઃખ થયું. અચાનક વાસ્તવિક દુનિયામાં મારો પ્રવેશ થયો, મને પૈસાની કિંમત સમજાણી અને મારો ગુસ્સો, ક્રોધવાળો સ્વભાવ ઓગળી ગયો અને ભણવા તરફ વધારે પ્રયત્નશીલ બન્યો. ૧૯૯૪માં એસ.એસ.સી. પાસ કરી, વાપીમાં ટાઈપનો અને કોમ્પ્યુટર કોર્સ કર્યો અને પછી તરત જ ઓર્ગેનિક પ્રા. લિ. માં નોકરી મળી ગઈ. માત્ર ૧૯ વર્ષની ઉંમરે સર્વિસ જોઈન્ટ કરીને આજે આ કંપનીમાં એચ. આર. ડિપાર્ટમેન્ટમાં માં જોઈન્ટ એકિઝકયુટિવ તરીકે કાર્યરત છું. આજે આરતી ઈન્ડસ્ટ્રીઝ સાથે ૨૩ વર્ષથી સફળતાથી કામ કરી રહયો છું, તેનો શ્રેય હું મારી શાળાને જ આપું છું, મારી શાળાએ જ મને ઘડયો, મને તૈયાર કર્યો છે.

નોકરી મળ્યાં પછી મારા લગ્ન નડિયાદની બીનીતા ભટ્ટ સાથે થયાં. સફળ અને સુખી લગ્ન જીવનની ભેટરૂપે મને, ધ્વનિ અને રિધ્ધિ બે પુત્રીઓ મળી છે. હું મારી બંને દીકરીઓને લાડ અને પ્રેમથી ઉછેરી રહયો છું, મારી મોટી દીકરી ૧૨ સાયન્સમાં ભણે છે.

શાળા છોડયાના આટલાં વર્ષો પછી પણ, હું મારા બધાં જ ભાઈબંધ અને શિક્ષકોના સંપર્કમાં છું. હું પ્રસંગોપાત મારી શાળામાં આવવાની તક ઝડપી લઉં છું, મને મારી શાળા માટે ખૂબ જ માન છે અને આ માનને સાબિત કરવાની તક મને ૨૬મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ મળી, વાપીની બધી ફેકટરીમાં અને મોટા-મોટા ઉદ્યોગપતિઓને મળી, તેને મારી શાળા વિશે જણાવી, ત્યાંની પ્રવૃત્તિઓનું વર્ણન કરી, રાત-દિવસ એક કરી રૂા. ૯૬,૦૦૦/- નું ડોનેશન એકઠું કરી, ભાવનગર બધિર મંડળને આપ્યું. આ કાર્ય હું એટલે જ કરી શકયો કારણકે મને મારી શાળા માટે ખૂબ પ્રેમ છે, આ શાળાને હું **મારી મા** માનું છું.'

**- કૌશલ વ્યાસ**

નવતર પ્રયોગ

## પુસ્તક ડિસ્પ્લે - ભેટ

તાજેતરમાં શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાના ગ્રંથાલયમાં, શ્રી અનંતભાઈ એ. શાહ (મફતભાઈ) ના ધર્મપત્નિ સ્વ.ઈન્દિરાબેન એ. શાહની તા.૮ જૂન-૧૮ના રોજ ૧૫મી પૂણ્યતિથિ નિમિત્તે, તેઓને શ્રધ્ધાંજલિ-સ્મૃતિ સ્વરૂપમાં, સંસ્થાના શિક્ષણ પરિવારમાં સેવા આપતાં મિત્રો માટે, નાનકડી પુસ્તિકાઓનું **ડિસ્પ્લે** યોજવામાં આવેલ. જેમાં વિવિધ વિષયોના પુસ્તકો, પોતાને જીવનમાં ઉપયોગી થાય તેવા, વાચકની પોતાની પસંદગીના **બે** પુસ્તકો પસંદ કરી, સપ્રેમ ભેટ આપવામાં આવેલ. આવો આ પ્રયોગ સંસ્થામાં ત્રીજી વખત થાય છે.

# ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ
# "લોકાર્પણ વિધિ"



ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર સંચાલિત, **"ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ"** ભાવનગરના નવનિર્મિત મકાનની લોકાર્પણવિધિ તા. ૨૮-૬-૧૮ ના રોજ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારના વરદ્‌હસ્તે યોજાઈ હતી. ભાવનગરના ફૂલસર ગામે રૂ. ૪.૩૫ કરોડના ખર્ચે, બે વર્ષના સમયગાળામાં નિમાર્ણ પામેલ કુલ ૨૨ રૂમની સુવિધાવાળા આ મકાનના લોકાર્પણ સમારોહમાં, ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય અને પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી જીતુભાઈ વાઘાણી, મહિલા અને બાળ કલ્યાણ આયોગના અધ્યક્ષ શ્રી જાગૃતિબેન પંડયા, શિક્ષણ રાજયમંત્રીશ્રી વિભાવરીબેન દવે, સાંસદ ડૉ. ભારતીબેન શિયાળ, નાયબ જિલ્લા પોલિસ અધિકારી શ્રી ચૌધરી સાહેબ, નિયામકશ્રી એન.કે. પરમાર સાહેબે હાજરી આપેલ. આ પ્રસંગે મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું કે, શોષિત, પિડાયેલાં, તરછોડાયેલાં બાળકોના રક્ષણ, જતન સંભાળ અને વિકાસ માટે આવા **ચિલ્ડ્રન હોમ** રાજયમાં નિર્માણ થઈ રહયા છે અને તેમાં રહી આ બાળકોનો સર્વાંગી વિકાસ કરવા માટે સરકાર કટિબધ્ધ છે.

આ કાર્યક્રમ પ્રસંગે તકતિનું અનાવરણ દીપ પ્રાગટય કરી, પધારેલ મહેમાનોએ ઉદ્‌બોધન કરેલ. આભારવિધિ ભાવનગર સમાજ સુરક્ષા ખાતાના અધિકારી શ્રી વૈશાલીબેન જોશીએ કરેલ.

આપણી શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા સંસ્થામાંથી ધો. ૮ થી ૧૨ ના કુલ ૭૪ બાળકો અને ૨૦ શિક્ષકોએ ત્યાં હાજરી આપેલ તથા ફરજ બજાવેલ. બધાજ બાળકોને બિલ્ડિંગની મુલાકાત કરાવેલ અને ફૂડ પેકેટ આપવામાં આવેલ.

સંસ્થાના વડીલશ્રી બાબાભાઈ, શ્રી ધંધુકિયાભાઈએ આ કાર્યક્રમમાં હાજરી આપેલ. શાળાની શ્રવણમંદ દીકરીઓએ પ્રાર્થના-નૃત્ય કરેલ, જે શાળાના શિક્ષક શ્રી શ્રીમબહેન સવજીયાણીએ તૈયાર કરાવેલ. માધ્યમિક શાળાના શિક્ષક શ્રી યુવરાજસિંહ રાણાએ સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉદઘોષણા કરેલ, તેમજ શિક્ષક શ્રી કીર્તિદેવસિંહ ગોહિલ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું સંકલન સંભાળેલ. શિક્ષક શ્રી ફાલ્ગુનીબેન મકવાણા, શ્રી ભરતભાઈ સોલંકી તથા વિરેન્દ્રસિંહ ગોહિલ દ્વારા ઈન્ટરપ્રિટર તરીકેની સુંદર કામગીરી બજાવાયેલ.

# હેપ્પી બર્થ ડે ટુ
# શ્રી મફતભાઈ !

તા. ૨૪ જૂલાઈ ૨૦૧૮ના શુભદિને, પી.એન.આર. સોસાયટીના કો-ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી અનંતભાઈ એ. શાહ (મફતભાઈ)નો ૮૦મો જન્મ દિવસ, પી.એન.આર. પરિવારના સભ્યોએ હર્ષોલ્લાસથી ઉજવ્યો. કેક, આઈસ્ક્રિમ અને મધુર શાબ્દિક શુભેચ્છાઓથી ઓફિસનું વાતાવરણ ગૂંજી ઉઠયું હતું. નવી-જૂની પેઢીએ આ પારંપારિક પ્રથાને સુદઢ કરતાં, શ્રી મફતભાઈના સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્ય માટે પુષ્પગુચ્છ આપી, શુભેચ્છાઓ પાઠવી હતી.



# માધ્યમિક શાળા "પ્રવેશોત્સવ"



વિશુધ્ધાનંદ વિદ્યામંદિર ખાતે, તા. ૨૨-૬-૧૮ ના રોજ ભાવનગર મહાનગરપાલિકા શિક્ષણ સમિતિના માર્ગદર્શન નીચે, શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી સંદર્ભે કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં અલંગ ડેવલપમેન્ટ એરિયાના અધ્યક્ષ શ્રી ગિરીશભાઈ શાહ, વિશુધ્ધાનંદ શાળાના ટ્રસ્ટી ડૉ. ગિરીશભાઈ વાઘાણી, ઘરવેરા સુપ્રિ. ડૉ. મહેશભાઈ હિરપરા, નગરસેવિકા શ્રી આશાબેન બદાણી, શિક્ષણ સમિતિના સદ્સ્ય શ્રી હિરાબેન વિંઝુડા તથા ખી.લ. બહેરાં-મૂંગા શાળાના માધ્યમિક વિભાગના આચાર્યશ્રી પ્રજ્ઞાબેન ત્રિવેદી ઉપસ્થિત રહેલ.

આ કાર્યક્રમમાં આંગણવાડી કેન્દ્રના નાના ભૂલકાંઓ, ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રાથમિક શાળા-વિદ્યાનગરના બાળકો, અંધ ઉદ્યોગ શાળા તથા ખી.લ. બહેરાં-મૂંગા શાળાના વિદ્યાર્થીઓ, તેમજ તમામ નવા પ્રવેશ લીધેલ બાળકોને વિશુધાનંદ વિદ્યામંદિરની કન્યાઓએ કંકુ તિલક કરી, ચોકલેટ આપીને આવકારવામાં આવેલ તથા મહેમાનશ્રીઓ દ્વારા આ બાળકોનું શાબ્દિક સ્વાગત તથા પ્રેરણાદાયી બોધપાઠ આપવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમમાં, સાઈન લેંગ્વેજ દ્વારા બધિર બાળકોને શ્રી ભરતભાઈ સોલંકી, શ્રી વિરેન્દ્રભાઈ ગોહિલ તથા શ્રી જયોતિબેન બારૈયા દ્વારા સમજાવવામાં આવેલ. કાર્યક્રમના અંતે મહેમાનશ્રીઓના વરદ્હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

# પ્રાથમિક શાળા "પ્રવેશોત્સવ"



તા. ૨૨-૬-૧૮ ના રોજ શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાના મહાવિર ઓડિટોરિયમમાં ધો. ૧ થી ૮માં નવા પ્રવેશોત્સવ પામેલા બાળકો માટે પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો. વર્ષ ૨૦૧૮-૧૯ના શૈક્ષણિક વર્ષમાં શાળામાં કુલ ૩૫ બાળકોએ પ્રવેશ મેળવ્યો. આ પ્રવેશોત્સવ કાર્યક્રમના અતિથિવિશેષ તરીકે સમાજ સુરક્ષા ખાતાના અધિકારી શ્રી ભગિરથભાઈ ચુડાસમા હતાં.

કાર્યક્રમની શરૂઆત શાળાની દૈનિક પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ શિક્ષક શ્રી શ્રીમબેન દ્વારા તૈયાર કરાવાયેલ સુંદર કૃતિ શાળાની દીકરીઓ દ્વારા પ્રસ્તુત કરાઈ. આચાર્યશ્રી ઈલાબહેને મહેમાનોનું મેમેન્ટો આપી સ્વાગત કર્યું. આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહેલ સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈએ પ્રસંગોચિત અને ખૂબજ પ્રેરણાદાયી ઉદ્બોધન આપી શિક્ષકો અને બાળકોમાં નવું જોમ રેડયું. શ્રી ભગિરથભાઈએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે, 'દિવ્યાંગ બાળકો પ્રત્યે સમાજ વધુ જાગૃત થઈ રહ્યો છે, તે સરાહનીય બાબત છે,' તેમજ નવા પ્રવેશ પામેલાં બાળકોને શુભેચ્છા પાઠવેલ.

ત્યારબાદ શાળામાં નવા આવેલાં બાળકોને તેમના ધોરણને અનુરૂપ સ્લેટ, ચિત્રપોથી, પાઠય પુસ્તકો, નોટબુક, પેન, પેન્સિલ અને ઈ-લર્નિંગ માટે ટેબલેટ ભેટ આપવામાં આવ્યું. સંસ્થાના શિક્ષક શ્રી લીલાબેન ચૌહાણે, સાહિત્યિક ભાષામાં કાર્યક્રમની આભારવિધિ કરી તથા આ બાળકોને શુભેચ્છા પાઠવી.

## શ્રી અને શ્રીમતી વિમળાલક્ષ્મી રમણલાલ ઓ. સંઘવી સ્ટાફ વેલ્ફેર કોર્પસ ફંડનું વિધિવત ઉદ્‌ઘાટન

# સ્ટાફ વેલ્ફેર કોર્પસ ફંડને રૂા. ૨૧ લાખનું માતબર દાન



સંસ્થામાં ચાલતાં સ્ટાફ વેલ્ફેર કોર્પસ ફંડમાં દાતા શ્રી કમલભાઈ રમણલાલ સંઘવી, મુંબઈ તરફથી રૂા. ૨૧ લાખનું દાન, તેઓના પૂજય માતા-પિતા શ્રી અને શ્રીમતી વિમળાલક્ષ્મી રમણલાલ ઓ. સંઘવીના સ્મરણાર્થે આપેલ અને આ કોર્પસ ફંડને પોતાના માતા-પિતાનું નામ આપી ઉમદા કર્તવ્ય બજાવેલ છે.

આપણી સંસ્થામાં લગભગ સાડાત્રણ વર્ષની ઉંમરના બાળકો દાખલ થાય છે, પછી શાળામાં આ બાળકોનું સંસ્કાર સિંચન થાય છે. ખૂબ નાની ઉંમરમાં આ બાળક શાળામાં પ્રવેશે ત્યારે તેને માના ખોળામાંથી છૂટવાનું ખૂબ દુઃખ હોય છે, તેવે સમયે છાત્રાલયમાં આ બાળકો સાથે રહેનારા એટેન્ડન્ટ ભાઈઓ અને બહેનો આ બાળકોનો પ્રેમભર્યો ઉછેર અને હૂંફ આપે છે, પોતાની જાતને આ બાળકો માટે સમર્પિત કરી સેવા કરે છે, આવા કર્તવ્યનિષ્ઠ કર્મચારીઓની ઉમદા કામગીરીની કદરરૂપે સંસ્થા સ્ટાફ વેલ્ફેર કોર્પસ ફંડની રચના, શ્રીમતી બિન્દીબેન ત્રિવેદીના પ્રયત્નથી કરવામાં આવી.તા. ૨૯-૬-૧૮ ના રોજ પ્રમુખ દાતા શ્રી કમલભાઈ સંઘવીની મંજુરીથી, **શ્રી અને શ્રીમતી વિમળાલક્ષ્મી રમણલાલ ઓ. સંઘવી સ્ટાફ વેલ્ફેર કોર્પસ ફંડ**નું વિધિવત ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. જેમાં શ્રી રાજેશભાઈ શાહ (શ્રી ચંદ્રકાંત મૂળચંદ શાહ ચેરિટેબલ ફાઉન્ડેશન) ખાસ મુંબઈથી પધારેલ. આ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં જરૂરિયાતમંદ ૩૪ કર્મચારીઓને ઘઉંનું વિતરણ કરાયેલ. આ પ્રસંગે શ્રી કમલભાઈ સંઘવીએ, આ સંસ્થા સદાય લોક કલ્યાણના કાર્ય કરતી રહે તેવી શુભેચ્છા પાઠવેલ. મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ આ ફંડ વિશે વિશદ માહિતી આપેલ. આ સમારોહમાં અતિથિવિશેષ શ્રી રાજેશભાઈ શાહ તથા ત્રણ શ્રવણમંદ વિદ્યાર્થીને રોજગારી આપનાર શ્રી ચિરાગભાઈ પટેલનું શાલ ઓઢાડીને સન્માન કરાવેલ.


# મધર ટ્રેનિંગ પ્રોગ્રામનું ઉદ્‌ઘાટન



શ્રવણમંદ બાળક ભાષા, વાણી કે સમાજ સાથેના પ્રત્યાયનમાં કયાંય પાછળ ન રહે, તેનું સફળ પુનઃસ્થાપન વાલી કરી શકે તે હેતુથી, શાળામાં ૧૯૮૩થી વાલીને તાલીમ આપવાનો કોર્સ ચાલે છે. જેમાં અત્યાર સુધી કેટલીય માતાઓ અને સ્વજનો તાલીમ લઈ, પોતાના દિવ્યાંગ બાળકને પડતી મુશ્કેલીઓના રસ્તા શોધી ચૂકયાં છે. વર્ષ ૨૦૧૮-૧૯માં મધર ટ્રેનિંગ પ્રોગ્રામમાં ૪ માતાઓ દાખલ થઈ છે. આ પ્રોગ્રામનું ઉદ્‌ઘાટન તા. ૩-૭-૧૮ ના રોજ કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના, ત્યાર બાદ દીપ પ્રાગટય અને શ્રી મૃદુલાબેન દેસાઈ દ્વારા આ તાલીમનો હેતુ રજૂ કરવામાં આવ્યો. શ્રી દક્ષાબેન સવજીયાણીએ (મધર ટ્રેનિંગ કોર્સ - કો-ઓર્ડિનેટર) મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરેલ. શાળાની દિકરીઓએ **"મનુષ્ય તુ બડા મહાન હૈ"** ની સુંદર કૃતિ રજૂ કરેલ. આ કાર્યક્રમના અતિથિવિશેષ સમાજ સુરક્ષા ખાતાના અધિકારી શ્રી વૈશાલીબેન જોશી હતાં, જેઓ નાદુરસ્ત તબિયતને કારણે આવી શકયાં ન હતાં. તેમણે શુભેચ્છા પાઠવેલ. કાર્યક્રમની આભારવિધિ શ્રી ફાલ્ગુનીબેન મકવાણાએ કરેલ.

## સંક્ષિપ્ત સમાચાર

✍ ડૉ. ધીરુભાઈ ધંધુકિયા



### 'હાઈટેક' બાલમંદિર અને પ્રાયમરી સ્કૂલ

**સર્વે :**

તા. ૨૧-૦૫ થી ૨-૦૬ સુધી કાળિયાબીડ વિસ્તાર, લીલા સર્કલ, સિદરસ રોડ, બોરતળાવ સોસાયટી, ચિત્રા, આખલોલ જકાતનાકા, ભરતનગર વગેરે વિસ્તારમાં શિક્ષકોએ **'ડોર ટુ ડોર'** બાલમંદિર થી ધો. ૧૧ માટે જે પ્રવેશપાત્ર હોય તેવા, ૧૩૯ બાળકોનો સર્વે કરી, પી.એન. આર. સોસાયટી સંચાલિત **હાઈટેક સ્કૂલ** માટે સંખ્યા વધારવામાં મહત્વની કામગીરી કરેલ.

**'પમી જૂન વિશ્વ પર્યાવરણ દિવસ'**

પમી જૂન **'વિશ્વ પર્યાવરણ દિવસ'**, હાઈટેક પ્રાઈમરી સ્કૂલમાં ઉજવવામાં આવ્યો. જેમાં બાલમંદિર તેમજ પ્રાયમરી સ્કૂલના શિક્ષકો દ્વારા, એક વૃક્ષ ઉછેરવાનો સંકલ્પ કરવામાં આવ્યો. તથા દરેક વાલીને **'વૃક્ષ વાવો, વરસાદ લાવો'** નો સંદેશ પાઠવવામાં આવ્યો. આમ, વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષો વાવી, વાતાવરણને પ્રદુષણ મુકત કરવા, દરેકે સંકલ્પ લેવો જોઈએ અને **'વૃક્ષ છે તો જીવન છે'** માટે, આપણાં દેશને હરિયાળું બનાવવા શિક્ષકો દ્વારા સંદેશો પહોંચાડી અને **'ગ્રીન ભાવનગર-ગ્રીન સિટી'** બનાવવાનો સંકલ્પ લીધેલ.


**'પ્રવેશોત્સવ'**

તા. ૧૧-૬ ના રોજ બાલમંદિર થી ધો. ૧ થી ૫ નો પ્રવેશોત્સવ તથા બાળકોને નવા સત્ર જૂન ૨૦૧૮-૧૯ માટે આવકારેલ તથા બાળસભા કરેલ. જેમાં શ્રી ડી. જે. ધંધુકિયા સાહેબ ખાસ ઉપસ્થિત રહેલ.



## સંક્ષિપ્ત સમાચાર

✍ મનસુખ એ. સોરઠિયા




ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

### શેઠ શ્રી વી. સી. લોઢાવાળા મેટરનીટી એન્ડ ચાઈલ્ડ હૉસ્પિટલ

**૧.** વી. સી. લોઢાવાળા હોસ્પિટલ ખાતે, ગાયનેક ડૉ. અમીત વાજા દ્વારા, હિસ્ટ્રેકટોમીના ઓપરેશન દરમ્યાન, **'ફાઈબ્રોઈડ ગાંઠ'** નું સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું.

**૨.** તા. ૧૩-૬-૧૮ ના રોજ **'થાયરોઈડ નિદાન કેમ્પ'** નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧૦ વ્યકિતઓએ લાભ લીધો હતો.


**૩.** તા. ૧૮-૬-૧૮ ને સોમવારે વી.સી. લોઢાવાળા હોસ્પિટલ ખાતે, સ્વ. વસંતબેન નગીનદાસ કપાસીના યોગદાનથી, (હસ્તે. ઈલા અનંત શાહ) સાંજે ૩ થી ૬ મોતિયાના દર્દીઓ માટે ફ્રી ઓપરેશન અને તપાસનો કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં ૨૧ દર્દીઓએ લાભ લીધો હતો. જેમાંથી ૮ દર્દીઓના મોતિયાના ઓપરેશન કરવામાં આવશે.





# સંક્ષિપ્ત સમાચાર

✍ પારસ શાહ



## PNR, IMPACT-UK, Dalal Family Foundation-USA પાર્ટનરશીપ પ્રોગ્રામ, પ્રિવેન્શન

### ૧) રૂબેલા (નૂરબીબી) પ્રિવેન્શન



પી.એન.આર.સોસાયટી તથા ધ દલાલ ફેમેલી ફાઉન્ડેશન, યુ.એસ.એ. દ્વારા સંચાલિત 'પ્રવિણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર'ના રૂબેલા પ્રિવેન્શન પ્રોજેક્ટના સ્પોન્સર ECHJAY Industries - Mumbai દ્વારા, 'વિકલાંગ બાળ જન્મઅટકાવ અભિયાન રૂબેલા પ્રિવેન્શન પ્રોજેક્ટ', વર્ષ ૨૦૧૮ - ૧૯ ના જુન થી જુલાઈ - ૨૦૧૮ દરમ્યાન ભાવનગર જિલ્લાની શાળામાં રૂબેલા રસીકરણ કેમ્પ કરેલ. તે દરમ્યાન H.I. ના સ્ટુડન્ટ દ્વારા સમુદાય આધારીત પુનઃવર્સન કાર્યક્રમ રાખવામાં આવેલ. જે ભાવનગરની નિર્ભય સોસાયટીની, સ્વામીનારાયણ હાઈસ્કૂલમાં રાખવામાં આવેલ. જે રૂબેલા રસીકરણ કેમ્પ તથા બ્લાઈન્ડનેસ-ડેફનેસ પ્રિવેન્શન કેમ્પનું આયોજન કરેલ. જેમાં કાર્યક્રમની શરૂઆતમાં અમારી ટીમનું પૂષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. તેમજ પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ. જેમાં શાળાના તમામ ૪૦૦ બાળકોને સરકાર દ્વારા આપવામાં આવતી. એમ.આર. (મીઝલ્સ રૂબેલા) વેકસીનથી માહીતગાર કરેલ. ત્યારબાદ અભારવિધિ કરેલ. ત્યારબાદ રૂબેલા કેમ્પ માટે, શાળાના એક વર્ગમાં ધોરણ-૧૧ અને ૧૨ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓને બેસાડવામાં આવી. તેને અમે રૂબેલાની સમજણ આપી. રૂબેલા રસીકરણ કરેલ D.E.D., H.I. ની સ્ટુડન્ટસ પણ જે રૂબેલાની રસી લેવામાં બાકી હતી. તેઓએ પણ રસીકરણ કરાવી, આજીવન સુરક્ષા પ્રાપ્ત કરેલ. ભાવનગર જિલ્લામાં રૂબેલાની અવેરનેસ આપી હતી તેવા વિસ્તારમાં કુલ **૨૩૨૫** લાભાર્થીઓને અવેરનેસ આપી, **૬૪૩** બહેનોને રૂબેલા રસીકરણ કરી સુરક્ષિત કરવામાં આવ્યાં.

### ૨) ડેફનેસ - બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ



જુન થી જુલાઈ - ૨૦૧૮ દરમ્યાન, પી.એન.આર. સોસાયટી પ્રવિણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર અન્વયે, અંધત્વ અને બહેરાશ કાર્યક્રમ અંતર્ગત, ભાવનગર જિલ્લાનાં સિહોર તાલુકાની, સોનગઢ કેન્દ્રવર્તી શાળા તથા તેની પેટાશાળાઓ, ભુતિયા કેન્દ્રવર્તી શાળા તથા તેની પેટાશાળાઓ અને ઘાંઘળી કેન્દ્રવર્તી શાળાના બાળકોની આંખ અને કાનની તપાસ કરીને **૭૨૪૦** બાળકોની તપાસ, ઈ-ચાર્ટ કરી બાળકોની આંખ તપાસવામાં આવી હતી. તેમાંથી દૂરનું ન દેખાતું હોય તેવા બાળકોને, મેન્યુઅલ કીટ દ્વારા અલગ-અલગ લેન્સ દ્વારા પ્રોપર નંબર કાઢી આપવામાં આવ્યાં હતાં. તેમજ બાળકોનાં કાન ઓટોસ્કોપથી તપાસી, કાનમાં રસી આવતી હોય તેવા બાળકોનાં ફોર્મ ભરી, આગળની કાર્યવાહી કરવામાં આવી. આંખને લગતી તકલીફવાળા **૧૧૯** બાળકો તથા કાનને લગતી તકલીફવાળા **૧૩૬** બાળકો જેવા મળ્યા હતા. જેમાંથી આંખ ત્રાંસી હોય, પાંપણ ઢળેલી હોય, કપાયેલાં હોઠ કે તાળવામાં કાણું હોય તથા કાનના પડદામાં કાણું હોય તેવા બાળકોને અને ઓછું સંભળાતું હોય તેવા બાળકોને પી.એન.આર. હોસ્પિટલ ખાતે વધુ સારવાર તથા નિદાન અને ઓપરેશન માટે રીફર કરેલ. જેઓને સંસ્થા દ્વારા વિનામૂલ્યે જરુરી સારવાર તથા વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવે છે. આ કવાર્ટર દરમિયાન **૨૭** કાનનાં ઓપરેશન કરેલાં, તેમાં Tympanoplasty નાં **૧૬** તથા Mastoidectomy નાં **૧૧** ઓપરેશન ડૉ.અશોક બારૈયા તથા હનુમંત હોસ્પિટલ, મહુવાના ઈ.એન.ટી. સર્જન દ્વારા સફળતાપૂર્વક કરી આપવામાં આવ્યાં હતાં.

## ૩ ) પ્લાસ્ટિક સર્જરી કેમ્પ



જુન થી જુલાઈ - ૨૦૧૮ બે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ **૬૭** બાળકોને તપાસી તથા લેસર ટ્રીટમેન્ટ માટેના નિદાન કરી, કુલ **૨૬** બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં છે. જેમાં **૮ કપાયેલાં હોઠના, ૫ તાળવામાં કાણાંના ૪** હાઈપોસ્પીડીયા, તેમજ **૯** પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં ડૉ.નરેશ વાધવાએ કર્યા હતાં. તેમાં હેર રીમુવલ, સ્કાર પીગમેન્ટેશન, ટેટુ રીમુવલ વિગેરેનાં દર્દીઓ આ અત્યાધુનિક યુનિટનો લાભ લઈ રહયાં છે. તેમજ કોસ્મેટિક સેન્ટરમાં હેર ટ્રાન્સપ્લાન્ટ માટે નિદાન, માર્ગદર્શન તથા રજીસ્ટ્રેશન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ડૉ.નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી, સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.


## ૪ ) મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ

જુન થી જુલાઈ - ૨૦૧૮ દરમ્યાન પી.એન.આર. હોસ્પિટલનાં **"શ્રીમતી જયાલક્ષ્મી વૃજલાલ મહેતા તથા શ્રી વૃજલાલ ઓધવજી મહેતા-અમરેલીવાળા"** આંખ વિભાગ દ્વારા, હોસ્પિટલ ખાતે નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. પી.એન.આર. હોસ્પિટલનાં આંખ વિભાગમાં **૪૭૦** ની ઓ.પી.ડી. કરવામાં આવી. જરૂરિયાતમંદ લોકોને દવા, ટીપાં વગેરે વિતરણ કરેલ હતું. **૭૬** લાભાર્થીને વિનામૂલ્યે લેન્સ બેસાડી તથા **૪૬** લાભાર્થીને રાહત દરે ફોલ્ડેબલ લેન્સ બેસાડી, મોતિયાનાં ઓપરેશન કરી આપવામાં આવેલ હતાં. તેમજ **૯** દર્દીઓને છારી કાઢી આપવામાં આવી હતી.



# સંક્ષિપ્ત સમાચાર

✍ જીજ્ઞાબહેન શાહ



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### વિશ્વ યોગ દિવસ

નટરાજ સી.પી. સ્કૂલનાં બાળકોએ, ભાવનગરના મોભીઓની સાથે ખભા-ખભા મિલાવીને, ભાવનગરના જિલ્લા આયોજન સ્થળ યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે, યોગના આસનોનો અભ્યાસ કર્યો હતો.

### સાંસ્કૃતિક કૃતિની રજૂઆત



સમાજ સુરક્ષા ખાતા દ્વારા સંચાલિત, **"ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ"** ના નવનિર્મિત સંકુલનું ઉદ્‍ઘાટન તા. ૨૮-૬-૧૮ના રોજ શ્રી ઈશ્વરભાઈ પરમાર (મંત્રી શ્રી, સામાજીક ન્યાય અને અધિકારિતા મંત્રાલય) અને શ્રી જીતુભાઈ વાઘાણી (પ્રદેશ અધ્યક્ષ, ભા.જ.પ., ગુજરાત) જેવા દિગ્ગજ મહાનુભાવોની ઉપસ્થિતીમાં યોજાઈ ગયું. આ પ્રસંગે એક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયેલ. જેમાં પી.એન.આર. સોસાયટી દ્વારા, **ઇન્કલ્યુઝિવ કૃતિ**ની રજૂઆત કરવામાં આવી હતી.

### પ્રવેશોત્સવ

તા. ૩-૭-૧૮ ના રોજ નટરાજ ઓડિટોરિયમ, નટરાજ કોલેજ કેમ્પસમાં, નટરાજ સી.પી. સ્કૂલ તથા તેના વિવિધ પ્રોજેક્ટસ, 'દિશા ક્રમ વિકાસ પ્રોજેક્ટ', કે. એન. ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈના સહયોગથી ચાલી રહેલ 'ઓટીઝમ અર્લિઈન્ટરવેન્શન તથા સ્કૂલ' તેમજ પુખ્ત દિવ્યાંગ માટે ચાલી રહેલ 'ડે-કેર સેન્ટર'માં, વેકેશન દરમ્યાન એસેસમેન્ટ કરવામાં આવેલ અને નવા જોડાયેલ **૩૩** વિદ્યાર્થીઓને આવકારવા માટે સંસ્થાના સંસ્થાપક શ્રી અનંતભાઈ કે. શાહ, ટ્રસ્ટીગણ, વિઝિટીંગ ફેકલ્ટી ડો.માર્ગી દોશી MDS (PNR Hospital), વાલીઓ વિગેરેની વિશાળ ઉપસ્થિતિમાં,



દિવ્યાંગો દ્વારા પ્રાર્થના, યોગાસન, અભિનય કૃતિ રજૂ કરાયા બાદ, ૩૧ વિદ્યાર્થીઓને સ્કૂલબેગ અને અભ્યાસ સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના શુભેચ્છક તરફથી, નટરાજ સી.પી. સ્કૂલ અને દરેક પ્રોજેકટના જરૂરિયાતમંદ લાભાર્થીઓને સ્ટેશનરી તથા ઉપયોગી નોટબૂક સાહિત્યનું યોગદાન પ્રાપ્ત થયું હતું. નટરાજ સી.પી.સ્કૂલના આ કાર્યક્રમમાં ડો.માર્ગીબેન દોશી (આર્થો ડેન્ટિસ્ટ) દ્વારા દરેકને ઉપયોગી દંત તથા મુખ આરોગ્ય વિશે PPT થી માહિતી આપી હતી. શાળા આચાર્યશ્રીએ દાતાશ્રી, તજજ્ઞ તથા ઉપસ્થિત સર્વેને આવકાર્યા હતાં. તેમજ મદદનિશ શિક્ષીકા જયોતીબેન પરમારે કીટ સ્પોન્સર કરવા બદલ શ્રી શિરિષભાઈ ભૂતા, તેમજ શ્રીમતી ઈલાબેન શાહ, ઉપસ્થિત ટ્રસ્ટીગણ, સાથી કર્મચારીઓ, વાલીઓ, નિમંત્રીતોનો આભાર વ્યકત કર્યો હતો.

## પ્રવેશોત્સવ તથા એસેસમેન્ટ કેમ્પ




પી.એન.આર. સોસાયટી સંચાલિત, વિકલાંગ પુનર્વસન કેન્દ્ર તળાજા, મહુવા તથા સિહોર, પાલીતાણાના જરૂરિયાતમંદ નવઆગંતૂક દિવ્યાંગ લાભાર્થીઓ માટે, સ્થાનિક કાર્યકરો, સંસ્થાના કાર્યકરો તથા વાલીઓની ઉપસ્થિતિમાં પ્રવેશોત્સવ યોજાઈ ગયો. સંસ્થામાં સારવાર લઈ રહેલ તથા નવા વિદ્યાર્થીઓની ફિઝીયો-ઓકયુપેશનલ થેરાપી, વિશિષ્ટ શિક્ષણ, દૈનિક કૌશલ્યો વગેરેની સઘન તપાસ, વ્યક્તિગત એસેસમેન્ટ દ્વારા કરવામાં આવી. દિવ્યાંગ બાળકો માટે જરુરી વાલી માર્ગદર્શન આપવામાં આવ્યું. પ્રવેશોત્સવમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા શ્રી શિરિષભાઈ ભૂતા (સિહોર) તથા શ્રીમતી ઈલાબેન એ. શાહનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

## ઘંટાકર્ણ મહાવિરનો પ્રવાસ

તા. ૧૧-૭-૧૮ના રોજ શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલ, વિકાસ પ્રોજેકટ, દિશા પ્રોજેકટ, કે.એન.શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, 'ડે-કેર સેન્ટર'ના બાળકો તેમજ સ્ટાફ, ઘંટાકર્ણ મહાવિર દેરાસરના દર્શન કરવા ગયેલ.

## પ્રવેશોત્સવ તથા એસેસમેન્ટ કેમ્પ



પી.એન.આર. સોસાયટી સંચાલિત પાલિતાણા રિસોર્સ સેન્ટર ખાતે, સ્થાનિક આગેવાનોની ઉપસ્થિતિમાં તા. ૫-૭-૧૮ ના રોજ, નવા વર્ષમાં પ્રવેશ પામેલ બાળકોનું, **એજયુકેશન કીટ** આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું આ પ્રવેશોત્સવના કાર્યક્રમ દરમ્યાન બાળકોને નાસ્તો પણ કરાવવામાં આવ્યો હતો. ત્યાર બાદ તા.૧૨-૭-૧૮ નાં રોજ બાળકોના **એસેસમેન્ટ કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો.નિકીતાબેન (ફિઝિયોથેરાપીસ્ટ) અને જયોતિબેન તથા પુજાબેન (સ્પેશ્યલ એજયુકેટર) એ હાજરી આપી હતી. જેમાં ૧૫(પંદર) બાળકોનું એસેસમેન્ટ કરવામાં આવ્યું હતું. પાલિતાણા સેન્ટરના શ્રીમતી હર્ષાબેન પાડલિયાએ કાર્યક્રમની સંપૂર્ણ વ્યવસ્થા સંભાળી હતી.

## મેડિકલ તપાસ કેમ્પ

તા. ૧૧-૭-૧૮ ના રોજ શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલ, વિકાસ પ્રોજેકટ, દિશા પ્રોજેકટ, કે.એન.શાહ ચેરીટેબલ ટ્રસ્ટ ડે-કેર સેન્ટરના બાળકોના કાન, નાક, ગળાના સર્જન ડૉ. અશોકભાઈ બારૈયા અને દાંતના ડૉ. માર્ગીબેન દોશી તથા ડૉ. કાંક્ષાબેન શાહ દ્વારા ૧૩૦ બાળકોની તપાસ કરવામાં આવેલ. તથા ૨૩-૭-૧૮ના રોજ આંખના ડૉ. પાયલબેન અરોરા દ્વારા ૬૦

બાળકોની તપાસ કરવામાં આવેલ અને વધુ સારવારની જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓની પી.એન.આર. હોસ્પિટલ ખાતે સારવાર કરવામાં આવેલ.


## ઓટિઝમ એસેસમેન્ટ કેમ્પ

પી.એન.આર. સોસાયટી સંચાલિત કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલ દ્વારા, 'ઓટિઝમ ડિસેબિલિટી' ધરાવતાં બાળકો માટે સારવાર તથા માર્ગદર્શન કેમ્પનું આયોજન તા. ૧૦-૬-'૧૮ને રવિવારના રોજ, નટરાજ સી.પી. સ્કૂલમાં કરવામાં આવ્યું. જેમાં ડૉ. નીતિશ વોરા (ન્યુરો પેડીયાટ્રીશ્યન, લીલાવતી ચાઈલ્ડ ન્યુરો કેર-અમદાવાદ) દ્વારા કુલ ૨૫ બાળકોની તપાસ કરી હતી. ડૉ. નીતિશ વોરાએ તપાસ કર્યા બાદ, વાલીઓના માર્ગદર્શન માટે, એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે વાલીઓને 'ઓટિઝમ' વિશે સંપૂર્ણ માહિતી આપી હતી. આ કેમ્પ તથા વર્કશોપનો લાભ સી.પી. સેન્ટર, વિદ્યાનગર તથા ગ્રામ્ય રિસોર્સ સેન્ટરના બાળકોએ પણ લીધો હતો.



# સંક્ષિપ્ત સમાચાર

✍ મહાસુખભાઈ જકડિયા



## પી. એન. આર. હૉસ્પિટલ

**મે-'૧૮ અને જૂન-'૧૮ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૪૨૨ | ૧૭ (૦૮ પોલિયો) | ઓર્થોડેન્ટલ | ૧૩૩ | ૧૧૫ |
| આંખ | ૮૪૮ | ૧૭૬ | જનરલ ઓપીડી | ૧૧૩૧ | - |
| ઈ.એન.ટી. (કાન,નાક,ગળા) | ૭૫૧ | ૨૮ | એક્ષ-રે | ૧૬૧ | - |
| | | | લેબોરેટરી | ૪૯૯ (દર્દી) | ૧૨૯૯ (ટેસ્ટ) |
| ઓર્થોસ્કોપી | ૭૨ | ૦૨ | રસીકરણ | ૬૨ | - |
| પ્લાસ્ટિક સર્જરી | ૯૧ | ૩૪ | રૂબેલા | ૩૧ | - |
| લેસર ટ્રીટમેન્ટ | ૧૯ | - | ચામડી | ૨૭ | - |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૦ | ૦૭ | ઓરલ સર્જન | ૩૩ | ૨૧ |
| ડેન્ટલ | ૧૦૦ | ૯૯ | | | (૧ મેજર ઓપરેશન) |

પી.એન.આર. હોસ્પિટલ તરફથી હોસ્પિટલના તજજ્ઞ ડૉ. માર્ગિબેન દોશી (MDS Orthodontist) તથા બાળકોના સ્પેશિયાલિસ્ટ ડૉ. કાંક્ષાબેન શાહ (Pediatric & Preventive Dentistry) તરફથી, પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલના ૧૨૦ બાળકોના દાંતની તપાસ કરવામાં આવેલ તથા દાંતની સફાઈ કેવી રીતે રાખવી જોઈએ તે માટે માર્ગદર્શન અપાયેલ. ૨૫ જેટલાં બાળકોને નાની-મોટી ટ્રીટમેન્ટ પી.એન.આર. હોસ્પિટલમાં કરી આપવામાં આવશે. આજ બાળકોના કાન-નાક-ગળાની તપાસના કેમ્પનું પણ સાથો-સાથ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં હોસ્પિટલના ડૉ. અશોકભાઈ બારૈયા (ENT સર્જન) એ સેવા આપેલ હતી. તેમાંથી ૧૦ બાળકોને કાન-નાક-ગળાની ટ્રીટમેન્ટ જરૂરિયાત જણાવેલ, જે કરવામાં આવશે. આ બંને કેમ્પમાં હોસ્પિટલના સ્ટાફ દિનાબેન રાઠોડ, લીલાબેન ગોહિલ, પરેશભાઈ ઢાપા, તથા પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટના શ્રી જીજ્ઞેશભાઈ પારેખ, કેતનભાઈ રૂપેરાએ




સેવા આપી હતી. કેમ્પની મુલાકાત લઈ પી.એન.આર. હોસ્પિટલના ચેરમેન શ્રી મહાસુખભાઈ જકડિયા તથા સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી ચેતનભાઈ રાણાએ બધાને પ્રોત્સાહિત કર્યા હતાં. બંને કેમ્પમાં સેવા આપવા બદલ સી.પી. સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન શાહે આભાર વ્યકત કરેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ કૌશિક પરમાર



## એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

### શ્રવણમંદ તાલીમાર્થી અનુપા શાહની કલમે...



શ્રવણમંદ હોવા છતાં, સ્નાતક સુધી અભ્યાસ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ મને, ટેકનોલોજીની જરૂરિયાત ધ્યાને લઈ, તે અંગેની તાલીમ મેળવી, સામર્થ્ય મેળવવાની જીજ્ઞાસા થઈ હતી. તેથી મેં કોમ્પ્યુટરને લગતા વિવિધ કોર્સ કર્યા. મેં સર ભાવસિંહજી પોલિટેકનીક ઈન્સ્ટિટ્યુટ ભાવનગરમાં, કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી તથા અન્ય કોર્સ કરેલ. તદ્ઉપરાંત એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કના વિવિધ કોમ્પ્યુટર કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ. ઉપરોકત કોર્સ દ્વારા પ્રવર્તમાન કોમ્પ્યુટર તથા ઈન્ટરનેટના યુગમાં મને પણ તેનું જ્ઞાન અને તે અંગેનું સામર્થ્ય મળેલ છે, તે માટે હું સંસ્થાની તથા એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કની ખૂબ આભારી છું.

ઉપરોકત કોર્સ પૂર્ણ કરવાથી મને, એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં શ્રવણમંદ તાલીમાર્થી બાળકોને કોમ્પ્યુટરના વિવિધ કોર્સ શીખવવા માટે વિઝીટિંગ ફેકલ્ટી તરીકે વ્યવસાય કરવાની તક મળેલ છે. તે ઉપરાંત અન્ય સંસ્થાઓમાંથી પણ, વ્યવસાયિક તાલીમ આપવા માટે મારી અરજી મંગાવવામાં આવે છે. હાલમાં હું મારી પ્રવૃત્તિઓથી ખૂબ જ આત્મસંતોષ, આત્મનિર્ભરતા તથા આનંદ અનુભવું છું. ભવિષ્યમાં આજ ક્ષેત્રમાં વધુ સારી રીતે કારકિર્દી બનાવવાની મહેચ્છા રાખું છું.

**અનુપાબેન શાહ શ્રવણમંદ હોવા છતાં આટલી ઝળહળતી સિધ્ધી પ્રાપ્ત કરવા બદલ પી.એન.આર. સોસાયટી દ્વારા લોકાર્પણ સમારંભ દરમ્યાન મેમેન્ટો અર્પણ કરી સન્માનિત પણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક દ્વારા સફળ તાલીમાર્થી એવોર્ડ રોકડ પુરસ્કાર સાથે તેમને એનાયત કરવામાં આવ્યો છે. તેમની આ સફળતા દરેક શ્રવણમંદો માટે પ્રેરક બની રહેશે.**



# સંક્ષિપ્ત સમાચાર

✍ નરેશ અજમેરા



## શ્રીમતિ જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશક્તિકરણ

નાળિયેરના રેસામાંથી વસ્તુ બનાવવાના વર્ગનું આયોજન, પી.એન.આર. સોસાયટી અંતર્ગત ચાલતાં **"શ્રીમતી જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશકિતકરણ યોજના"** દ્વારા શરૂ કરવામાં આવ્યાં હતાં. આ વર્ગનો સમય તા. ૧૬-૬-૧૮ થી ૧૫-૭-૧૮ હતો. તથા **"ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન"** ની મદદથી આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્ગના કુલ ૩૨ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં ૧૬ વિકલાંગ બહેનો તથા ૧૬ નોર્મલ બહેનોએ ભાગ લીધો હતો. આ વર્ગ ઉદ્ઘાટન કાર્યક્રમમાં શહેર ભાજપ મહામંત્રી શ્રી મુકેશભાઈ રાવળ, નગરસેવક શ્રી ધીરૂભાઈ ધામેલિયા, શ્રી કમલેશભાઈ ઉલ્વા, શ્રી રમણભાઈ પટેલ તથા સંસ્થામાંથી શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, શ્રી નરેશભાઈ અજમેરા, શ્રી ઋષિતાબેન રાઠોડ હાજર રહ્યાં હતાં.

આ વર્ગમાં બહેનોને નાળિયેરના રેસામાંથી કુલ-૯ વસ્તુઓ બનાવતા શિખવવામાં આવી હતી. જેમ કે, ગણપતિ, તોરણ, બારસાખ, ઝૂમર, ઝૂલા ગણપતિ, દહીં-હાંડી, વોલપીસ ગણપતિ વગેરે. આ વર્ગ દરમિયાન

બહેનોને ખૂબજ મહેનતથી બધી વસ્તુઓ બનાવતા શિખી છે. આ બાદ આ વસ્તુઓને વેચાણ માટે કેવી રીતે તૈયાર કરવી તથા તેને કેવી રીતે વેચવી તેનું પણ માર્ગદર્શન બહેનોને આપવામાં આવ્યું હતું. તથા આ વર્ગ દરમિયાન બહેનોએ એક દિવસ **"સાડી પરીધાન દિવસ"** પણ ઉજવયો હતો. આ દિવસે દરેક બહેનોએ **"વન ભોજન"** પણ કર્યું હતું. જેમાં બહેનોએ ખૂબ જ આનંદ માણ્યો હતો. આ પછી તા. ૧૫-૭-૧૮ ના દિવસે વર્ગ પૂર્ણ કરવામાં આવેલ. પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં શ્રી ભરતભાઈ મોણપરા, શ્રી શાંતિભાઈ ગોપાણી, શ્રી સંગીતાબેન ગોપાણી, શ્રી નરેશભાઈ અજમેરા તથા શ્રી ઋષિતાબેન રાઠોડે હાજરી આપી હતી.

તા. ૧-૭-૧૮ ના રોજ ZEE ન્યુઝના એડિટર શ્રી નિતીનભાઈ આવેલ. તેમને એક પુરી સ્ટોરી બનાવીને પ્રવૃત્તિનો તથા બહેનોનો પ્રતિભાવનું શુટિંગ કરીને, ન્યુઝમાં આ વર્ગ વિશે માહિતી ગુજરાતી ન્યુઝમાં પ્રસારિત કરેલ.





# સંક્ષિપ્ત સમાચાર

નેહલ ત્રિવેદી



## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

**૧.** તા. ૧-૭-૧૮ના રોજ શાળાના ધો. ૬ થી ૮ ના ૧૦૮ બાળકો અને ૧૦ શિક્ષકો જૂનાગઢના પ્રવાસે ગયા. જૂનાગઢના એસ.પી. ના હાઉસમાં સાંઈબાબાની ખાસ પૂજા સબબ, દિવ્યાંગ બાળકોને વિશેષ આમંત્રણ મળેલ. તે અનુસંધાને બાળકો સાંઈપૂજામાં જોડાયાં. બાળકોએ સકકરબાગ, દામોદર કૂંડ, ગિરનાર તળેટીની મુલાકાત લઈ પ્રવાસનો આનંદ માણ્યો.



**૨.** તા. ૨૧ જૂન **વિશ્વયોગ દિવસ**ની ઉજવણીના ભાગરૂપે શાળાના બાળકો અને શિક્ષકો ભાવનગર યુનિવર્સિટી ગ્રાઉન્ડ પર યોગાસનો કર્યા અને યોગના ફાયદા જાણ્યાં, તેમજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાદાયી ઉદ્‌બોધનના સાક્ષી બન્યાં.

**૩.** તા. ૧૭-૭ ના રોજ ભાવનગરના વતની શ્રી પ્રદીપભાઈ શાહનો જન્મદિવસ હતો, તેમણે પોતાના જન્મદિવસે ખોટા ખર્ચ કરવાને બદલે, શ્રવણમંદ બાળકોને સ્ટેશનરીની ભેટ આપી. તેમની સાથે રહી, અનોખી રીતે પોતાનો જન્મદિવસ ઉજવ્યો તે બદલ સંસ્થાએ તેઓને અભિનંદન આપેલ.

**૪.** તા. ૫-૭ ના રોજ ગ્રીન સીટી ભાવનગર દ્વારા આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમમાં મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા અને મહાસુખભાઈ જકડિયા તથા શાળાના બાળકોએ, એરપોર્ટ રોડ પર વૃક્ષારોપણ કર્યું અને ભાવનગર સીટી, ગ્રીન સીટીના મહાયજ્ઞમાં સહભાગી બન્યાં.



**૫.** તા. ૧૮-૭ ના રોજ શાળાના શિક્ષક શ્રી બીનાબેન ગાંધીનો નિવૃતિ શુભેચ્છા સમારંભ યોજાયો. શ્રી કુસુમબેન મહેતાના નવ રત્નોમાના એક, ભરત નાટયમના (શાસ્ત્રીય નૃત્ય) જાણકાર, ગીત-સંગીતના શોખીન અને શ્રવણમંદોના ભાષા વિકાસ માટે સતત પ્રયત્નશીલ, શ્રી બીનાબહેને શાળામાં ૨૯ વર્ષ સેવા આપી પોતાની નોકરી દરમ્યાન અનેક સાંસ્કૃતિક કૃતિઓ બાળકોને તૈયાર કરાવી અને ગુજરાત અને ગુજરાતની બહારથી અનેક ઈનામો તથા પ્રશસ્તિ પત્ર શાળાને અપાવેલ છે. આ શુભેચ્છા સમારંભમાં મંત્રીશ્રી તથા આચાર્યશ્રી તેમને અને તેમના કુટુંબને તંદુરસ્ત અને લાંબા આયુષ્યની તથા હવે પછીનું જીવન ખૂબ આનંદમય પસાર થાય, તેવી શુભેચ્છા આપી. તમામ શિક્ષકગણે પણ તેમને આ પ્રસંગે હાર્દિક શુભેચ્છા પાઠવી અને તેમની સાથે સંસ્મરણો વાગોળ્યાં. છેલ્લે બીનાબેન તરફથી સમોસા અને ચાનો નાસ્તો કરી, સૌ છૂટા પડયાં.



# સંક્ષિપ્ત સમાચાર

બિન્દીબેન ત્રિવેદી



## શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળા - છાત્રાલય

**૧.** તા. ૨૬-૬-૧૮ ના રોજ સિંધી સમાજ ગ્રુપના આગેવાનો દ્વારા, છાત્રાલયના બાળકોને પાઉંભાજી, પુલાવ, ભૂંગળા-બટેટા, સલાડ, છાશ વિગેરેનું સાંજનું ભોજન કરાવેલ તથા બાળકોને ચોકલેટ અને મુખવાસ ખવડાવેલ. આ પ્રસંગે અમૃતસરથી પધારેલા સિંધી સમાજના ગુરુજી, બાળકોને મળવા આવેલા અને બાળકોને આશીર્વાદ આપ્યાં. સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈએ તેમની સાથે સંસ્થા વિશે વિગતે વાતચીત કરેલ અને સંસ્થાના દરેક વિભાગની મુલાકાત કરાવેલ. સાધન સહાય કેન્દ્રની મુલાકાત દરમિયાન તેઓને ખૂબજ રસ પડયો.



**૨.** તા. ૨૯-૬ ના રોજ એક દાતાએ પોતાની દીકરીના જન્મદિવસ નિમિત્તે, છાત્રાલયમાં બાળકોને બપોરનું ભોજન કરાવેલ.

**૩૧.** છાત્રાલયની દીકરીઓ વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફ થાય અને નવું-નવું શિખે તે ઉદ્દેશ્યથી, છાત્રાલયમાં શનિ-રવિ દરમિયાન પોટ ડેકોરેશન, હેન્ડ એમ્બ્રોયડરી, શ્રૃંગાર કળા, રાંધન કળા જેવા કોર્સ શરૂ કરવામાં આવ્યાં.

**૪.** તા. ૧૪-૬ ના રોજ છાત્રાલયમાંથી બાળકો રથયાત્રા જોવા ગયાં. ભગવાન જગન્નાથના દર્શન કરી, આખી રથયાત્રા જોઈ પ્રસાદ લઈ, બાળકો ખુશ-ખુશાલ છાત્રાલયમાં પાછા ફર્યા.




**૫.** રજાના દિવસોમાં છાત્રાલયની દીકરીઓ કંટાળી ન જાય તે માટે, ગૃહમાતા તથા કેરટેકર બહેનો દીકરીઓને વિવિધ રમતો રમાડે છે, જેમાં તા. ૨૪-૬ના રજા દિવસે દીકરીઓને સંગીત ખુરશી રમવાની ખૂબ મજા પડી.





# સંક્ષિપ્ત સમાચાર

✍ સંતોષ યાદવ



## ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (એચ.આઈ.)

### ઈન્ટરનેશનલ કોન્ફરન્સ :

તા. ૨૧ થી ૨૩ ફેબ્રુઆરી ૨૦૧૮ દરમિયાન, 'ડૉ. શંકુતલા મિશ્રા રિહેબિલિટેશન યુનિવર્સિટી', (લખનૌ, ઉ.પ્ર.) દ્વારા યોજાયેલ **'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ'** માં ટીચર્સ ટ્રેનિંગ કોલેજના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ શ્રી સંતોષભાઈ યાદવે ભાગ લીધો હતો અને આ કોન્ફરન્સમાં તેઓએ પોતાનું પેપર "પ્રશિક્ષણાર્થીઓ માટે વર્ગખંડ દરમિયાન ઉપયોગમાં લેવાતા પ્રોપ્સની અસર" રજૂ કરેલ, જેની ઉપસ્થિત તજજ્ઞોએ નોંધ લીધેલ, તેમજ ખૂબ પ્રસંશા કરેલ.

### ધૂળેટી ઉજવણી :



૨ માર્ચ-૧૮ ના રોજ બી. એડ. તથા ડી. એડ. ના તાલીમાર્થીઓ દ્વારા કોલેજમાં ઉત્સાહ સાથે ધૂળેટીનો તહેવાર ઉજવાયો હતો.

### ઈન્ટર્નશીપ :

તા. ૭ થી ૨૧ એપ્રિલ ૨૦૧૮ દરમિયાન બી. એડ.ના ચોથા સેમેસ્ટરના તાલીમાર્થીઓની નટરાજ સ્કૂલમાં ઈંટર્નશીપ કરેલ તથા ડી. એડ. ના સમેસ્ટર ૪ના તાલીમાર્થીઓએ શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં તા. ૨૦-૪-૧૮ થી તા. ૩૦-૪-૧૮ સુધી પોતાની ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ.

### CRE પ્રોગ્રામ:

તા. ૧૪ એપ્રિલ થી ૧૮ એપ્રિલ સુધી ૫ દિવસીય CRE પ્રોગ્રામનું મહાવિર ઓડિટોરીયમમાં ટીચર્સ ટ્રેનિંગ કોલેજના યજમાનપદે "learning in an inclusive environment" વિષય પર આયોજન થયેલ હતું. જેમાં વિશિષ્ટ ક્ષેત્રના કુલ ૩૦ જેટલાં શિક્ષકો અને સાથો-સાથ ACCIE (ક્રોસ ડિસેબિલિટી) સાથે સંકળાયેલાં લોકોએ પણ ભાગ લીધો હતો. CRE પ્રોગ્રામમાં વિવિધ વિષયના તજજ્ઞોએ સમાવેશી વાતાવરણ અને અભિગમ પર પોતાના જ્ઞાનથી તાલીમાર્થીઓ અને શિક્ષકોને નવી દિશા આપી હતી. પાંચ દિવસીય આ CRE પ્રોગ્રામનું સમગ્ર સંચાલન શ્રી સંતોષભાઈ યાદવના માર્ગદર્શન હેઠળ થયું હતું.

### ફેરવેલ :



૨૦૧૬-૧૮ વર્ષના બી.એડ. સ્પે. એજયુ. (એચ.આઈ.) ચોથા સેમેસ્ટરના તાલીમાર્થીઓનાં વિદાય સમારોહનું આયોજન તા. ૨૫ એપ્રિલ-૧૮ ના રોજ કરેલ. જેમાં કોલેજના તાલીમાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો જેમ કે, ઈનામ, રાસ-ગરબા, ગીત, નૃત્ય વગેરે પ્રસ્તુત થયાં. જેમાં વિશિષ્ટ અતિથિશ્રીઓના આશીર્વાદ અને પ્રેરણા, તાલીમાર્થીઓને મળેલ. શ્રી અશ્વિનભાઈ પંડયા દ્વારા બી. એડ.માં પ્રથમ સ્થાન મેળવનાર તાલીમાર્થીઓને, ડૉ. રક્ષાબેન દવે એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે, તેવી ઘોષણા થયેલ.

### ઈન્સ્પેકશન :

આર.સી.આઈ. તરફથી આવેલાં શ્રી ગાયત્રીબેન આહુજા અને શ્રી કૃષ્ણકુમાર યાદવ, બી.એડ. અને ડી.એડ. બંને કોર્સની એકસટેન્શન (માન્યતા વધારવા) માટે તા. ૯ મે-૧૮ માં પધારેલાં હતાં અને સંસ્થાના દરેક મુદ્દાઓને લઈ ઈન્સ્પેકશન કર્યું અને સંસ્થાના વખાણ કર્યા.

### પ્રવેશ પ્રક્રિયા :

ડી.એડ. અને બી.એડ. ના નવા સત્ર ૨૦૧૮-૨૦ માટે ડી.એડ. માટે RCI તરફથી ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા કરાવવા માટેનું અભ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું અને બી. એડ.માં વહેલાં તે પહેલાના ધોરણે એડમિશનની અપાયા.

## આર.સી.આઇ. તરફથી ૫ વર્ષની માન્યતા :

તા. ૯-૫-૧૮માં થયેલ આર.સી.આઈ. તરફથી ઈન્સ્પેકશન મુજબ, આર.સી.આઈ. એ ટ્રેનિંગ કોલેજમાં બી.એડ. અને ડી.એડ. માટે ૫ વર્ષની ૨૦૧૮-૧૯ થી ૨૦૨૨-૨૩) માટે ૩૦ સીટ સાથે માન્યતા આપી. આર.સી.આઈ. તરફથી સંસ્થાને ૫ વર્ષની માન્યતા મળેલ તે બદલ, સંસ્થા અને સંસ્થા પરિવારને અભિનંદન.

## બી.એડ. સેમ-૨ અને ડી.એડ. સેમ-૪ તથા ડી. એડ. ૨૦૧૬-૧૮ નું પરિણામ :

ડી.એડ. નું ૧૦૦% પરિણામ આવ્યું. જેમાં ૮૮.૦૮% સાથે સુસ્મિતા પરીધ પ્રથમ સ્થાને અને ૮૪.૫૬% સાથે આશુતોષ યાદવ દ્વિતીય સ્થાને આવ્યા તેમજ ૮૪.૧૬% સાથે સુનિતા ચૌધરીએ તૃતિય સ્થાન મેળવેલ. જ્યારે બી.એડ. સ્પે. એજયુ. (એચ.આઈ.) માં ૨૦૧૭-૧૮ના સેમ-૨ ના બે તાલીમાર્થીઓમાં ૧. ૭૩.૪% અને ૨. ૭૯.૮% સાથે ૧૦૦% પરિણામ આવ્યું છે. સેમ-૪ માં સપનાદેવી ૮૭.૮૫% સાથે પ્રથમ અને ૮૭.૭૫% સાથે સ્તુતિબેન દ્વિતીય તથા દિવ્યાબેન ૮૨.૫૫% સાથે તૃતિય સ્થાન પર આવ્યાં. તેમજ બી.એડ.નું પરિણામ ૧૦૦% આવ્યું.

## સી.બી.આર. કાર્યક્રમ :

શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટ્યુટ ફોર ધ ડેફ-ટ્રસ્ટ સંચાલિત ટ્રેનિંગ કોલેજના ડિપ્લોમા ઈન સ્પે. એજયુ. (એચ.આઈ.) માં અભ્યાસ કરતાં સેમ-૪ ના ૨૩ તાલીમાર્થીઓ, તેમજ બી.એડ. સેમ-૨ ના ૨ એમ કુલ ૨૫ તાલીમાર્થીઓનો ૫ દિવસીય સી.બી.આર. કાર્યક્રમ અંતર્ગત નિર્ભય ગુરુકુળ, ચિત્રાની આસપાસના વિસ્તારો કે જેમાં નિર્ભય સોસાયટી, ચામુંડા સોસાયટી, શિક્ષક સોસાયટી, ગણેશનગર વગેરે જેવા વિસ્તારોમાં અનેક પ્રવૃત્તિઓનું આયોજન કરેલ હતું. તાલીમાર્થીઓના પાંચ ગ્રુપ દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં સર્વે, વાલી મીટિંગ, જનજાગૃતિને લગતાં કાર્યક્રમોનું આયોજન કરેલ હતું. પી.એન.આર. સોસાયટીની ટીમ દ્વારા શ્રી કેતનભાઈ રૂપેરા અને શ્રી જીગ્નેશભાઈ પારેખના નેતૃત્વ હેઠળ કાન, આંખ અને ગળાની તપાસ, તેમજ રૂબેલા રસીકરણ માટે કેમ્પનું આયોજન કરેલ હતું. દિવ્યાંગ બાળકોના માતા-પિતા, આચાર્યશ્રીઓનો ખૂબજ સહયોગ પ્રાપ્ત થયેલો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના તાલીમાર્થીઓ અને વ્યાખ્યાતા શ્રીમતી મંજુબેન યાદવ તથા શ્રીમતી મીરાબા ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું. નિર્ભય ગુરુકુળના આચાર્યશ્રી તથા ડૉ. જીગરભાઈ શાહ તરફથી ઘણું પ્રોત્સાહન મળેલું.

## ડૉ. રક્ષાબેન દવે ઈનામ વિતરણ કાર્યક્રમ :


બી.એડ. ના વર્ષ ૨૦૧૬-૧૮ના તાલીમાર્થીઓ માટે તા. ૧૬ જૂલાઈના રોજ કાર્યક્રમ યોજાયો. જે અંતર્ગત બી.એડ.માં પ્રથમ અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરનાર સપનાદેવી અને સ્તુતિબેનને 'ડૉ. રક્ષાબેન દવે એવોર્ડ' થી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. આ કાર્યક્રમ અંતર્ગત તાલીમાર્થીઓને માનનીય શ્રી રક્ષાબેન, તેમજ સેક્રેટરી શ્રી અશ્વિનભાઈ પંડયા અને ડૉ. જયંતભાઈ વ્યાસના વરદ્ હસ્તે, શિલ્ડ તેમજ પારિતોષિક આપવામાં આવ્યાં.



# સંક્ષિપ્ત સમાચાર

✍ ડૉ. કાજલબેન બોરડ

## શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર આર્ટિફિશીયલ લિમ્બ સેન્ટર



૧. માહે એપ્રિલ-મે-જૂન-જૂલાઈ-૧૮ દરમ્યાન કુલ ૨૧ ની-બ્રેસના કેમ્પ કરવામાં આવેલ હતાં. જેમાં કોપરગાંવ, મુંબઈ, પુના, સતાના, બેંગ્લોર, મૈસુર, સેલમ, તિરૂર, કોઈમ્બતુર, દિલ્હી, ઈચલ કરંજી, સીરસી, પુના, મુંબઈ, જયપુર, કોપરગાંવ, સતાના, જાલંધર, મૈસુર, બેંગલોર, સેલમ વિગેરે હતાં. જેમાં કુલ મળીને આશરે ૪૩૧ લાભાર્થીઓને કુલ ૮૪૦ જેટલી ની-બ્રેસ પુર પાડવામાં આવેલ હતી. ની-બ્રેસના ઉપયોગથી, ની રીપ્લેસમેન્ટની જરૂરિયાત રહેતી નથી અને દર્દીને ઘૂંટણના દુ:ખાવામાં રાહત રહે છે.

૨. જયારે સ્થાનિક કક્ષાએ એપ્રિલ-મે-જૂન-જૂલાઈ-૧૮ દરમ્યાન કુલ ૪૬૫ જેટલાં લાભાર્થીઓને તપાસવામાં આવેલ, જેમાં આશરે ૩૭૫ જેટલાં જુદાં-જુદાં સાધનો જેવા કે, આર્ટિ. હેન્ડ, આર્ટિ. લેગ, વાલગસ પેડ, એલ.એસ.બેલ્ટ, ની-બ્રેસ વિગેરે પુરા પાડેલ છે. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને સર્વાઈકલ કોલર, ફકત ટોકન પેમેન્ટથી પુરું પાડવામાં આવેલ.

૩. એપ્રિલ-મે-૧૮ માં ધાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર મુકામે, જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા કૃત્રિમ હાથ-પગ, તેમજ કેલીપર્સ અને અન્ય સાધનોનો કેમ્પ, સંસ્થાના પી. એન્ડ ઓ. કુ. કાજલબેન દ્વારા કરવામાં આવેલ. જેમાં કુલ ૪૬ જરૂરિયાતમંદ દિવ્યાંગોને, આશરે ૪૭ જેટલાં જુદા-જુદા સાધનો પૂરાં પાડવામાં આવેલ. આ કેમ્પના મુખ્ય દાતાશ્રીઓ તથા મુખ્ય મહેમાનશ્રીઓ શ્રી મહેન્દ્રભાઈ,

ડૉ. સ્નેહલભાઈ (ઓર્થોપેડિક), ડૉ. કે. એલ. મહેતા તથા જૈન સોશ્યલ ગ્રુપના પાસ્ટ પ્રેસિડેન્ટ શ્રી રાજેશભાઈ જૈન, હાલના પ્રેસિડેન્ટ શ્રી રાજેન્દ્રભાઈ શાહ, તેમજ પ્રોજેકટ ચેરમેન શ્રી પંકજભાઈ કોઠારી અને શ્રી ભરતભાઈ શાહે હાજરી આપેલ હતી. તેમજ કે. એલ. ઈન્સ્ટિટયુટ, ભાવનગરના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ હાજર રહી પ્રોત્સાહન પૂરું પાડેલ હતું. દિવ્યાંગ વ્યકિતઓએ કૃત્રિમ સાધનો પહેરીને આપેલ પ્રતિભાવથી સર્વે ગદ્ગદિત થઈ ગયેલાં હતાં.

૪. ગત માસમાં નાની વહિયાળ, તા. ધરમપુર, જિ. વલસાડ મુકામે કૃત્રિમ હાથ-પગનો કેમ્પ કરવામાં આવેલ. જેમાં કુલ ૩૦૦ જરૂરિયાતમંદ લાભાર્થીઓમાંથી, ૨૦૦ જેટલાં લાભાર્થીઓને તપાસેલ હતાં. જેમાંથી ૧૨૫ જેટલાં લાભાર્થીઓને આશરે ૧૨૫ જેટલાં કૃત્રિમ હાથ-પગ, પુરા પાડવામાં આવેલ. જે કેમ્પના દાતા શ્રીમતી સવિતાબેન નાગરદાસ ટ્રસ્ટ, મુંબઈ તથા ધરમપુર સેવા મંડળના સહયોગથી યોજાયેલ હતો. આ કેમ્પમાં ગુજરાત, એમ.પી., રાજસ્થાન અને મહારાષ્ટ્રના દિવ્યાંગોએ લાભ લીધેલ હતો. દાતા પરિવારના શ્રી પ્રદીપભાઈ નાગરદાસ શાહ તથા મહેશભાઈ નાગરદાસ શાહ સહ પરિવાર કેમ્પના સ્થળે ઉપસ્થિત રહીને પ્રોત્સાહન પુરું પાડેલ હતું. તેમજ પી.એન.આર. સોસાયટી ભાવનગરના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી અનંતભાઈ શાહ તથા માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ કેમ્પના સ્થળે, પુરો સમય હાજરી રહી માર્ગદર્શન તથા જરૂરી સુચનાઓ આપી, કેમ્પને સફળ બનાવેલ હતો.


૫. સંસ્થાના પી. એન્ડ કુ. કાજલબેન બોરડ માસના પહેલાં બુધવારે એક ટેકનિશ્યન સાથે, સુરત વિઝીટમાં જાય છે. જેથી ત્યાંના પણ જરૂરિયાતમંદ દર્દીઓને તેમની સેવાનો લાભ મળી શકે, જેથી દિવ્યાંગ વ્યકિતઓને ભાવનગર સુધી આવવું ન પડે.

## શ્રદ્ધાંજલિ

**સ્વ. ચંદ્રકાંતભાઈ ઠક્કરે**, યુવાન વયે 'નવજવાન સંઘ' માં અમૂલ્ય સામાજિક સેવા આપી હતી. તેઓ એક સારા કલાકાર પણ હતાં. સંસ્થાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉત્તમ નાટકો ભજવવામાં તેઓએ યાદગાર ભૂમિકા ભજવી હતી. અમદાવાદ ગયા પછી પણ, તેઓ સંસ્થાના સંપર્કમાં રહેતાં હતાં. તેમના આત્માને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના. **ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...**



પી.એન.આર. સંસ્થાના પ્રિવેન્શન વિભાગમાં છેલ્લાં ૧૭ વર્ષથી કાર્યરત, **સ્વ. બળવંતરાય એન. દવે**નું તા. ૭ જૂલાઈ ૧૮ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સ્વ. પોતાના સરળ અને નિખાલસ સ્વભાવ તથા કાર્યનિષ્ઠાથી સૌના પ્રીતિપાત્ર હતાં. ઈશ્વર તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના. **ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...**



કે. એલ. ઈન્સ્ટિટયુટના પૂર્વ ટ્રસ્ટી અને સહમંત્રી **શ્રી નગીનભાઈ લલ્લુભાઈ શાહ**નું તા. ૨૭-૭-`૧૮ ના રોજ, ૭૯ વર્ષની ઉંમરે દુઃખદ અવસાન થયેલ છે. તેઓના મૃત્યુ બાદ સદ્ગતની ઈચ્છા પ્રમાણે, ચક્ષુદાન અને દેહદાન કરવામાં આવેલ. ઈશ્વર તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના. **ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...**

પી.એન.આર. સોસાયટી તથા સંલગ્નિત સંસ્થાઓના ઉપક્રમે, અંધ ઉદ્યોગ શાળાના કેમ્પસમાં, સંસ્થાના દાતા તથા પાયાના કાર્યકર સ્વ. શામજીભાઈ પારેખની તા. ૩૧-૭-`૧૮ ના રોજ ૨૧મી પૂણ્યતિથિ નિમિત્તે, તેમની પ્રતિમાની પૂજનવિધિનો દર વર્ષની જેમ કાર્યક્રમ રાખવામાં આવેલ. દીપ પ્રાકટ્ય, પુષ્પ અર્પણ બાદ, દિવંગતના ગુણાનુવાદ કરતાં, સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) તથા અંધ ઉદ્યોગ શાળાના મંત્રી શ્રી લાભુભાઈ સોનાણીએ સ્વ. શ્રી શામજીકાકા દ્વારા મુંબઈ ટીમની સ્થાપના અને દાન પ્રાપ્ત કરવાની કુનેહ અને પરિશ્રમની રસપ્રદ વાતો કરી કહ્યું હતું કે, પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓને ઉભી કરવાના શ્રી શામજીકાકાના પ્રયત્નો ચિરસ્મરણીય રહેશે. આ પ્રસંગે શ્રી શશીભાઈ વાધર, શ્રી ગિરિશભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી પારસભાઈ શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી મફતભાઈ શાહ, શ્રી એચ. પી. રાખશિયા, પ્રો. ડી. જે. ધંધુકિયા, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી ઘનશ્યામભાઈ બારૈયા, શ્રી જીતુભાઈ મહેતા, શ્રી મનસુખભાઈ સોરઠિયા, શ્રીમતી મુદુલાબેન દેસાઈ તથા શિક્ષકગણ અને કર્મચારીગણ ઉપસ્થિત રહેલ.

# ૧ જુન '૧૮ થી ૩૧ જુલાઈ '૧૮ સુધીના દાતાઓની યાદી

## P. N. R. SOCIETY

PNR
HOPE 4 ALL

### FCRA

| | |
|---|---|
| M/S. PNR-USA Foundation - USA | 4975766 |
| M/S. The Dalal Family Foundation - USA | 1245886 |
| M/S. Herat And Hand For The Handicapped - USA | 271511 |
| M/S. PNR-USA Foundation - USA | 918570 |
| M/S. PNR-USA Foundation - USA | 104538 |

### 80 G

| | |
|---|---|
| Shri Nanalal Bhavanbhai Patel Charitable Trust - Bhavnagar | 125000 |
| Shri Pareshkumar Dhanvantrai Shah - Bhavnagar | 125000 |
| Dr. Hariprasad J. Jani - Bhavnagar | 4000 |
| Shri Ketanbhai Bhagwandas Parikh-Bhavnagar | 75000 |
| Shri Gunavantray Shatilal Doshi - Mumbai | 1000 |
| Shri Mrudulbhai Amrutlal Doshi - Mahuva | 1000 |
| Shri Prakashbhai Chimanlal Doshi - Rajkot | 1000 |
| Shri Bhupendrabhai Himatlal Shah - Mumbai | 50000 |
| Shri Rupa Chittaranjan Shah - Mumbai | 10000 |
| M/S. Kawarlal And Co.- Chennai | 15000 |
| Shri Charu Mukund Bhuta - Mumbai | 10000 |
| M/S. Excel International - Mumbai | 11000 |
| M/S. Kawarlal And Co.- Chennai | 15000 |
| Shri Ilaben Anantrai Shah - Bhavnagar | 5000 |
| M/S. Sitaram Jindal Foundation - Banglore | 10000 |
| Dr. Reshmaben Ashokbhai Hegde - Mumbai | 10000 |
| Mrs. Shwetha Jaikumar - Banglore | 14000 |
| M/S. Elson Packging Industries Pvt. Ltd. - Mumbai | 1000000 |
| Shri Damayanti Janakbhai Trivedi - Mumbai | 10000 |
| Shri Jivarajbhai Rhaghavbhai Kikan -Bhavnagar | 11000 |
| M/S. M. K. Sheth Charity Trust - Mumbai | 10000 |
| Shri Ranbir Rishi Kapoor - Mumbai | 100000 |
| Shri Hardikbhai Navadiya - Bhavnagar | 12000 |
| Shri Hardikbhai Navadiya - Bhavnagar | 3000 |
| Shri Samir Kiranbhai Rathod - Bhavnagar | 5000 |
| Shri Kamleshbhai R. Sheth - Bhavnagar | 2500 |
| Smt. Varshaben Piyushbhai Savla - Mumbai | 15000 |
| Shri Mahesh Nagardas Shah - Mumbai | 50000 |
| Smt. Dr. Rakshaben P. Dave - Bhavnagar | 3000 |
| Smt. Dr. Rakshaben P. Dave - Bhavnagar | 50000 |
| Shri Ramlal Kawarlal Jain - Chennai | 50000 |
| Shri Ajaybhai Anilbhai Dobariya - Bhavnagar | 3500 |
| Shri Trambaklal Sunderji Kamdar Charitabel Trust - Bhavnagar | 58000 |
| Smt. Ritaben Sureshkumar Shah - Bhavnagar | 12000 |
| Shri Kantilal Maganlal Doshi - Mumbai | 1100 |
| Shri Ashvinkumar G. Pandya - Bhavnagar | 51000 |
| Shri Denish Kubavat - Bhavnagar | 1500 |
| Shri Harichand Mehta Public Charitable Trust - Kolhapur | 10000 |
| Shri Ansh Shitanshu Vora - Mumbai | 15000 |
| Shri Vipan Jain - Bhavnagar | 5000 |
| Shri Surendrakumar B. Mehta - Bhavnagar | 7000 |
| Shri Asha Pradeep Shah - Mumbai | 30000 |
| Shri Pradipbhai Nagardas Shah - Mumbai | 30000 |
| Shri Pradip N. Shah (H.u.f.) - Mumbai | 30000 |
| Late Yogeshbhai M. Dabhi - Bhavnagar | 7000 |
| Shri Goloo Kriya K. Sanghvi - Mumbai | 15000 |
| Smt. Varshaben B. Lalani - Bhavnagar | 5000 |
| Late Prabhaben Himatlal Shah - Bhavnagar | 2500 |
| Shri Sheetal Shitanshubhai Vora - Mumbai | 15000 |
| Shri Manharbhai S. Kariya - Bhavnagar | 4000 |
| Smt. Indumatiben Amrutlal Somani-Bhavnagar | 1101 |
| Shri Binal Rishibhai Makati - Bhavnagar | 3500 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | |
|---|---|
| Shri Shantilal G. Shah & Kusumben S. Shah - Bhavnagar | 2500 |
| Shri Ramlal Kawarlal Jain - Chennai | 50000 |
| Shri Upendrabhai J. Trivedi - Mumbai | 10000 |
| Shri Ishvarbhai Jivabhai Timaniya - Bhavnagar | 1111 |
| Smt. Dayaben Girjashankar Sheth Trust - Mumbai | 41000 |
| Shri Chetan Kishor Shah & Purvi C. Shah - Mumbai | 2500 |
| Shri Vinayakbhai Kotecha - Bhavnagar | 2100 |
| Shri Riteshbhai & Shreyaben - Bhavnagar | 10000 |
| Shri Dilipbhai Raichandbhai Gandhi-Bhavnagar | 10500 |
| Shri Pradipbhai Nagardas Shah - Mumbai | 50000 |
| Shri Usmanbhai Khokhar - Bhavnagar | 3500 |
| Ku. Nirali (Hostel Student) - Bhavnagar | 1300 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | |
|---|---|
| Shri Kirtikumar Manmohandas Kanakiya - Mumbai | 1500000 |
| Shri Shashikantbhai R. Vadhar-Bhavnagar | 25000 |
| Shri Kavarlal & Co. - Chennai | 20000 |
| Shri The Wevz Tabala Class - Bhavnagar | 6000 |
| Shri Rameshchandra Dharamdas Mehta - Mumbai | 5000 |
| Shri Faizullabhai Ghaywadvala - Rajkot | 5000 |
| Shri Jayantbhai H. Mehta - Bhavnagar | 5000 |
| Shri Gautambhai V. Parmar - Amreli | 5000 |
| Shri Hasmukhray Harilal Bhayani-Bhavnagar | 5000 |
| Shri Jwalant Chhaya - Rajkot | 5000 |
| Shri Yogeshbhai K. Desai - Bhavnagar | 2800 |
| Shri Salim Anvarali H. - Bhavnagar | 2501 |
| Shri Kamleshbhai R. Sheth - Bhavnagar | 2500 |
| Shri Paritaben B. Patel - Bhavnagar | 2000 |
| Shri Induben Ishwarbhai Timaniya-Bhavnagar | 1111 |
| Late Chimanlal Jivanlal Timaniya-Bhavnagar | 1000 |
| Shri Dhaneshwar Hanumanji Mandir-Bhavnagar | 1000 |



શ્રી અનંતભાઈ એ. શાહ (મફતભાઈ)ના જન્મદિવસની ઉજવણી




સી.પી. શાળામાં પ્રવેશોત્સવ-૨૦૧૮ની ઉજવણી




સી.પી. શાળાનાં બાળકો માટે ડેન્ટલ કેમ્પ યોજાયો

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 August - 2018 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com